

# જીવનપથ

₹ 10/- 1



Vol. No. 18, Issue No. 10
(રૂા. ૧૦/- પ્રચાર અર્થે)
Mumbai, 15th July 2026
Website : www.jeevanjyot.in
Total 44 Pages
E-mail : jeevan_jyot@yahoo.in



ૐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વે સન્તુ નિરામયા ।

'શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર... જય શ્રી જલારામ બાપા' સામાજીક લોકહિત ધરાવતું, બિનધંધાદારી મુખપત્ર 'જીવન જ્યોત®' કેન્સર રિલીફ ઍન્ડ કેર ટ્રસ્ટ'નું નજરાણું






## તસ્વીર બોલે છે 'માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા-ખેતવાડી)' પ્રેરીત જીવદયાની



જીવન જ્યોત જીવદયા વિંગ અંતર્ગત ગાયોને નિત્ય લીલું-સૂકું ઘાસ આપવામાં આવે છે.

ગરીબ નિરાધાર કેન્સરગ્રસ્ત દર્દીઓના અન્નક્ષેત્રમાં તથા જીવદયા અને ટોય લાયબ્રેરીમાં અનુદાન આપનાર અને આ અંકના સૌજન્યદાતા

**શ્રી તલકશી રાઘવજી છેડા (રતાડિયા ગણેશ-કાંદિવલી)**

# તસ્વીર બોલે છે જીવન જ્યોત ચેરીટિબલ ડિસ્પેન્સરીની

જીવન જ્યોત સંસ્થા દ્વારા 'ન નફા-ન નુકશાન'ના ધોરણે 'ચેરીટેબલ ડિસ્પેન્સરી' કાર્યરત છે. જેમાં વિવિધ ડોક્ટરોની પેનલ દ્વારા અનેક રોગો પર નજીવા દરે સારવાર આપવામાં આવે છે.

Estd.: 1983
P.T.R.E.-1726(M)

Jeevan Jyot®
CANCER RELIEF & CARE TRUST

# JEEVAN JYOT®
# CANCER RELIEF AND TRUST

CANCER RELIEF

## CHARITABLE DISPENSARY

COMPASSIONATE CARE FOR A HEALTHIER TOMORROW

2, EVITA EMPRESS, 429- G. D. AMBEKAR MARG,
NEAR RASHTRIYA MILL, MAZDOOR SANGH,
PAREL VILLAGE, MUMBAI - 400012.

Evita Empress, Mumbai, Maharashtra - maps.app.goo.gl

## OUR FACILITIES & TIMINGS

| FACILITY | TIME | DAY | CONSULTANT |
|---|---|---|---|
| GENERAL OPD | 11:00 am – 1:00 pm<br>11:00 am – 1:00 pm | Monday / Wednesday / Friday<br>Tuesday & Thursday | Dr. Jainika C. Chheda<br>Dr. Hasumati Chheda |
| HOMEOPATHY | 1:00 pm – 3:00 pm<br>1:00 pm – 3:00 pm | Wednesday<br>Friday | Dr. Bhakti Rambhia<br>Dr. Mallika N. Kenia |
| PHYSIOTHERAPY | 3:00 pm – 5:00 pm<br>2:00 pm – 4:00 pm | Wednesday<br>Friday | Dr. Nishi Sanghavi<br>Dr. Khushboo Gadda |
| DIET & NUTRITION | 3:00 pm – 4:00 pm<br>12:00 pm – 2:00 pm | Tuesday<br>Thursday | Ms. Naina Singhania<br>Ms. Maitri Soni |
| PSYCHOLOGIST | 2:00 pm – 4:00 pm | Tuesday & Thursday | Ms. Nilom Shah |
| NEW SCALP ACUPUNCTURE | 10:00 am – 12:00 pm | Monday to Friday | TCM Rashmin Kenia |
| SELF LOVE AND HEALING MEDITATION | 5:30 pm – 6:00 pm (ONLINE) | Monday & Tuesday | Ms. Falguni Manek |

## SPECIALIST CONSULTANTS

- ✓ Gynecologist
- ✓ Chest Physician
- ✓ Speech Therapist
- ✓ Pain Management
- ✓ ENT Surgeon
- ✓ Psychiatrist
- ✓ Dental Surgeon
- ✓ Physician

**FOR APPOINTMENT CALL**

DR. HASUMATI CHHEDA - 98203444522
MR. HARAKCHAND SAVLA - 9869064000

## OUR FACILITIES :-

THESE TESTS ARE DONE AT A CONSESSIONAL RATE COMPARED TO OUTSIDE RATES

X-RAY, CT SCAN, MRI, PET-SCAN, 2 D ECO, ECG, USG, EXPENSIVE BLOOD TESTS

Contact Person - Parul Gada - 9833021505

સ્થાપના : ૧૯૮૩

# જીવન જ્યોત®

## કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની બાજુમાં, પેટ્રોલ પંપની સામે,
જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.
ટેલી.: ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫

**જીવનપથ**

*પથદર્શક* : સ્વ. ખેતશી માલશી સાવલા (રાયણવાળા)

*સ્થાપક* :
હરખચંદ કે. સાવલા (બાડા)

પ્રકાશકઃ જીવન જ્યોત
કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ

**બ્રાંચ ઓફિસો**

**જલગામ ઓફિસ**
શાહ રાઘવજી લાલજી સતરા (ગુંદાલા)
૧૦૯, પોલન પેઠ, જળગામ ૪૨૫૦૦૧.
મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦

**કલકત્તા ઓફિસ :**
વિનેશ શેઠ (ગોપાલ)
૫, ગ્રાઉન્ડ ફ્લોર, ખૈરૂ પ્લેસ,
કલકત્તા - ૭૦૦૦૭૨

**સાંગલી - કોલ્હાપુર**
મીના જેઠાલાલ મારૂ (હાલાપર)
મો. ૭૭૦૯૯૦૦૪૩૩

**નાલાસોપારા ઓફિસ :**
૧૨, લક્ષ્મી શોપિંગ સેન્ટર, રાધાકૃષ્ણ
હોટલની બાજુમાં, તુલીંજ રોડ,
નાલાસોપારા (ઈ)
ખુશ્બુ ગાલા- ૮૯૨૮૭૬૫૩૦૧

**જીવન જ્યોત મેડિકલ સેંટર,**
આર/૩, શ્રી સ્વામી સમર્થ સોસાયટી,
દાદોજી કોંડદેવ સ્ટેડિયમની સામે,
થાણે (વેસ્ટ), પીન -૪૦૦ ૬૦૧.

### જ્યાં પાના ફરે ત્યાં

તંત્રીની કલમે .................................................... ૫
ચિંતનના ચિદાકાશમાં.............................................. ૭
રાક્ષસની ચોટલી.................................................... ૯
યોગ વિજ્ઞાન - સંસારી વ્યક્તિ અને પ્રાણાયામ અભ્યાસ.... ૧૧
બોધકથા - મને ગમે તે ........................................ ૧૩
વસંત અને પાનખર ................................................ ૧૫
અપમાન.................................................................. ૧૬
વ્યક્તિ વિશેષ - મનોજ ખંડેરિયા - કવિ અને ગઝલકાર ....... ૨૦
નવલકથા- 'કુંતી' ................................................ ૨૨
કોકિલા વ્રત .......................................................... ૨૭
બળ કરતા કળે કામ કર્યું.......................................... ૨૮
પરિણીત પુત્રીના જીવનમાં માતાનું માર્ગદર્શન મહત્વપૂર્ણ
ભૂમિકા ભજવે છે. .................................................. ૩૦
નવી નવાઈ પણ જાણવા જેવું .................................. ૩૫
શ્રી તખ્તેશ્વર મહાદેવ .............................................. ૩૭
શ્રેષ્ઠ દાન................................................................ ૩૮
આજના સમયમાં દીકરીને કરિયાવરમાં શું આપશો?.......... ૪૦
વાનગીનો રસથાળ - શક્કરિયાનાં ગોટા....................... ૪૧
હાસ્યના હસગુલ્લા .................................................. ૪૨

***જીવનપથ** દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.*
*(કાયદાકીય અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.)*

હવે વેબસાઈટ ઉપર "જીવનપથ" વાંચી શકો છો. **www.jeevanjyot.in**
★ ટ્રસ્ટ રજી. નં. P.T.R.E.-17259 (M) ★ F.C.R.A. 083780700
★ CSR Registration No. CSR 00002659
★ Donation Exe. U/S 80 G (S) of I.T. Act
obtained permanently vide No. TECH/MC.ME/80G/53
Email : jeevan_jyot@yahoo.in

ૐ અરિહંતે નમો નમઃ

*સંસારના પ્રત્યેક જીવની પ્રત્યેક પળ મંગલમય થાય એવી ભાવના મારી હર પળ હો...*

## તંત્રી સ્થાનેથી.....

# માયાજાળના મુખવટા

**મા**નવનું જીવન ખૂબ જ રહસ્યમય છે. સબંધોના આટાપાટા અને ગુંચવણો ઉકેલવામાં જિંદગી પૂરી થઈ જાય છે. લેણદેણના સંબંધો આપણને બાંધે છે અને ભેગા કરે છે. આપણો કોઈક સાથે સબંધ બંધાય છે. ત્યારે એકબીજા સાથે વાતચીત થાય છે. કંઈક નવું જાણવા મળે છે. કંઈક બીજાને જણાવીએ છીએ. વિચારોની આપ-લે થાય છે. આ સબંધો એટલે એકબીજા પ્રત્યે લાગણી. લાગણી હોય તો સબંધોમાં પણ તિરાડ પડવાની શક્યતા રહેતી નથી. લાગણી જીવન દરમ્યાન શબ્દોમાં, કાર્યમાં, નજરમાં અને વ્યવહારમાં બતાવીએ તો સંતોષ થાય છે.

જિંદગીમાં આપણે અસંખ્ય માણસોના પરિચયમાં આવીએ છીએ. માનવી સબંધો જોડે છે અને તોડે છે. માણસના પશુપંખીઓ અને પ્રકૃતિ સાથે પણ સબંધો હોય છે. જ્યાં આપણો વિકાસ થયો હોય એ ભૂમિ સાથે પણ આપણે જોડાઈ જઈએ છીએ. માણસની પ્રગતિ અને વિકાસ આ સબંધો સાથે જોડાયેલા છે. સબંધોમાં પ્રેમ, ઉદારતા અને બીજા પ્રત્યે કંઈક કરી છૂટવાની, ભોગ આપવાની તૈયારી હોય તો આ સબંધો ઉષ્માભર્યા બને છે. પ્રેમ એ સબંધોની સુગંધ છે. સબંધોને મીઠા મધુર બનાવવા માનવીના હાથની વાત છે. પરસ્પરના સબંધોમાં કોઈ પણ જાતની અપેક્ષા રાખવી નહીં. મોટાભાગના મનદુઃખો એમાંથી સજાર્તા હોય છે. સૌ આપણા છે એવો ભાવ રાખવો પણ અંદરખાને સમજવું કે આમાં આપણું કોઈ નથી. હોડી પાણીમાં રહે તેમાં વાંધો નથી પણ પાણી હોડીમાં રહેવું જોઈએ નહીં. માણસ સંસારમાં રહે તેમાં વાંધો નથી પરંતુ માણસના મનમાં સંસાર રહેવો જોઈએ નહીં. આવી સમજણ હોય તો સબંધોમાં તિરાડ પડતી નથી. તિરાડ પડયા પછીનો સબંધ એટલે અપેક્ષા તૂટી જાય છે, લાગણી અને સ્નેહ સૂકાઈ જાય છે, દોષની દાસ્તાન દેખાય છે અને આવું તો કેટકેટલુંય થાય છે. બંધાયેલો સબંધ જ્યારે બગડે છે ત્યારે બે માણસો નહીં બે માયાજાળ સર્જાય છે. આ માયાજાળથી દૂર રહેવાનું પસંદ કરશો તો જીવન સુખી અને શાંતિથી પસાર થઈ જશે. ■

## -: ખાસ નોંધ :-

**સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરી નિહાળી ગર્વમેન્ટ ઑફ ઈંડિયાની મિનીસ્ટ્રી ઑફ ફાઈનાન્સ તરફથી વિદેશથી અનુદાન સ્વીકારવાની વિશેષ મંજૂરી મળી છે. તો જે પણ દાતા અનુદાન આપવા ઈચ્છતા હોય તેઓ FCRAના બેંક એકાઉન્ટ નં. સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.**

**જાણવા મળ્યા પ્રમાણે કોઈક અજ્ઞાત વ્યક્તિ જીવન જ્યોત સંસ્થાનું નામ વાપરી ડુપ્લીકેટ રસીદ અને સર્ટીફીકેટ છપાવી અનુદાન ભેગું કરી રહ્યા છે. દાતાઓને જરાક પણ કોઈ શંકા લાગે તો જીવન જ્યોત સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.**

**છાપા, ચોપડા, પસ્તી, કપડાં, રમકડાં, દવાઓ, ઘરવખરીની વસ્તુઓ તેમજ વિવિધ સ્ક્રેપ જીવન જ્યોત સંસ્થાની રસીદ વગર ન આપવા નમ્ર વિનંતી.**

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી એલ.ડી. શાહ (બિદડા) પ્રેરિત શ્રી જલારામ અન્નક્ષેત્ર ટાટા હોસ્પિટલ પાસે, વાડિયા હોસ્પિટલ પાસે તથા જે.જે. હોસ્પિટલની અંદર બહારગામથી આવેલ કેન્સરગ્રસ્ત તથા અન્ય મોટી બિમારી લઈને મુંબઈને આંગણે સારવાર લેવા આવતા પરિવારો માટે કાર્યરત છે જેમાં નિર્ધન, નિરાશ્રિત એવા પરિવારો મોટે ભાગે લાભ લે છે. આપ આપનું અનુદાન **જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ**નો **સેવિંગ એકાઉન્ટ** નીચે આપેલ બેંકમાં ડ્રાફ્ટ, ચેક અથવા રોકડેથી ભરી શકશો. કાઉન્ટર સ્લીપ અમને પોસ્ટ કરો ને ફોન પર અમને જાણ કરો કે કઈ યોજના માટે તમે પૈસા ભર્યા છે. તો અમે તમને સર્ટીફાઈડ રસીદ મોકલી આપીશું.

**દાતા પાસેથી ઉપરોક્ત વિગત ન મળવાથી આપના આપેલ અનુદાનની રકમ પર સંસ્થાને ૩૩% ટેક્ષ ભરવો પડે છે. જેનાથી કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ફંડ ઓછું વાપરી શકીએ છીએ.**

**સંપર્ક મો. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**

| બેંકનું નામ / IFSC નં. | ખાતા નં. | બ્રાંચ |
|---|---|---|
| બેંક ઓફ મહારાષ્ટ્ર<br>MAHB0000563 | 20059826756 | પરેલ ભોઈવાડા |

# પુણ્યનું ભાથુ બાંધવા માટેના વિકલ્પો

| | |
|---|---|
| એક સમયનું સંપૂર્ણ સાદુ ભોજન | ૧૪,૫૦૦/- |
| એક સમયનું સંપૂર્ણ મિષ્ટાન ભોજન | ૨૬,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (ટાટા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| જમવા માટેની પંચવર્ષીય મિતી યોજના (ટાટા હો.) | ૧૮,૦૦૦/- |
| જમવા માટેની કાયમી મિતી યોજના (ટાટા હો. પાસે) | ૪૫,૦૦૦/- |
| આખો દિવસ હળદર, સાકર વાળુ દુધ (ટાટા હો. પાસે) | ૮૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૪,૦૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (જે. જે. / વાડિયા હોસ્પિટલ પાસે) | ૭,૦૦૦/- |
| એક સમય ફ્રી ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૨,૫૦૦/- |
| એક સમય ફ્રી મિષ્ટાન ભોજન (સાંગલી હોસ્પિટલ) | ૫,૦૦૦/- |
| વિશેષ સભ્ય | ૩૧,૦૦૦/- |
| બ્લડ ડોનેશન કેમ્પ | ૪૦,૦૦૦/- |
| દર્દીઓની એક દિવસની પિકનીક | ૩૦,૦૦૦/- |
| ચેરી. એલોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૩૦,૦૦૦/- |
| એક કેન્સર ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| વિવિધ પ્રકારના મેડીકલ ચેકઅપ કેમ્પ (૧૦૦ વ્યક્તિ) | ૪૦,૦૦૦/- |
| ટોયબેંક માસિક ખર્ચ | ૨૦,૦૦૦/- |
| ચેરી. હોમિયોપેથીક ડિસ. માસિક ખર્ચ | ૧૫,૦૦૦/- |
| મહિને ૧ દર્દીના (દત્તક) | ૨૫,૦૦૦/- |
| મહિને પ્રતિ દર્દીનું રેડીયેશનનો ખર્ચ | ૧૫,૦૦૦/- |
| એક મહિનાની કબુતરની દવા | ૭,૫૦૦/- |
| એક દિવસીય અનાજ માટેનો નકરો | ૨,૫૦૦/- |
| સામાન્ય સભ્ય | ૨,૦૦૦/- |
| એક દિવસીય સૂકા ઘાસનો નકરો | ૨,૦૦૦/- |
| એક દિવસીય લીલા ઘાસનો નકરો | ૧,૫૦૦/- |
| એક દિવસીય ગાય માટે રોટલી | ૧,૦૦૦/- |
| એક દિવસીય કુતરા માટે દૂધ | ૧,૦૦૦/- |
| વિવિધ ક્બુતરખાનામાં ચણનો નકરો | ૧,૦૦૦/- |
| એમ્બ્યુલન્સ | ૧,૦૦૦/- |
| ઓઝોનથેરેપી | ૫૦૦/- |
| દાતાને નામે કાયમી યોજના | ૧૨,૫૦,૦૦૦/- |
| સ્પોન્સરશીપ -૧ વર્ષના | ૧,૨૫,૦૦૦/- |
| પેટ્રનશીપ | ૧,૨૫,૦૦૦/- |
| વાઈસ પેટ્રનશીપ | ૭૫,૦૦૦/- |

તમારે દુનિયાને નહીં, તમારા મનને પરિપૂર્ણ બનાવવાનું છે.

## ચિંતનના ચિદાકાશમાં

**- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ**

# निष्पणाऽनुसरणम् ।
# (શરત વિના અનુસરવું)

શરત રમતમાં હોય, ગમ્મતમાં શરત શી?

કાયદા જેલમાં હોય, ઘરમાં કાયદા શેના?

હિસાબ-કિતાબ ગણિતમાં હોય, સંગીતમાં હિસાબ-કિતાબ શેના?

બુદ્ધિની મારામારી શતરંજમાં હોય, ખો-ખોમાં બુદ્ધિની મારામારી શેની?

આક્રમણની વાત પદાર્થક્ષેત્રે હોય, પરમાત્મક્ષેત્રે આક્રમકતા શેની?

ફૂંકી-ફૂંકીને પગ રાગ અને સ્વાર્થક્ષેત્રે મૂકવાના હોય, પ્રેમ અને સ્નેહક્ષેત્રે ફૂંકી-ફૂંકીને પગ મૂકવાની વાત શેની?

'જો' અને 'તો'ની વાત શંકાક્ષેત્રે હોય, વિશ્વાસક્ષેત્રે 'જો' અને 'તો'ને સ્થાન ક્યાં?

યાદ રાખજો, સાકર વિનાનું દૂધ અને પાણી વિનાની નદી, કાંટા વિનાનું ફૂલ અને દુર્ગંધ વિનાની ગટર, સંક્લેશ વિનાની સંપત્તિ અને ક્લેશ વિનાના સંબંધો હજી આસાન છે અને સંભવિત છે, પણ શરત વિનાનો પ્રેમ? દુર્લભ કે દુર્લભતર જ નથી, દુર્લભતમ છે.

કારણ? સંપર્કને હજી અપેક્ષામુક્ત રાખી શકાય છે, પણ સંબંધને જેમ અપેક્ષામુક્ત રાખતાં નવનેજાં પાણી ઊતરી જાય છે, તેમ પરિચયને હજી શરતમુક્ત રાખી શકાય છે, પણ પ્રેમને શરતમુક્ત રાખતાં તો મૂછે લટકાવેલાં લીંબુ ઊતારી દેવાં પડે છે.

તો કરવું શું?

આ જ. અપેક્ષાની ચિંતા ન કરવી, પણ અપેક્ષાપૂર્તિના આગ્રહથી તો મનને સો ટકા મુક્ત રાખવું.

એક વાત યાદ કરાવું? ધનલંપટ જેમ ધન સિવાયના, ભોગલંપટ જેમ ભોગ સિવાયના, વાસનાલંપટ જેમ વાસના સિવાયના તમામ પરિબળોને ગૌણ કરી શકે, તેમ પ્રેમલંપટ પ્રસન્નતા સિવાયના તમામ પરિબળોને ગૌણ કરવાનું પ્રચંડ સામર્થ્ય ધરાવતો હોય છે.

અને હકીકત એ છે કે અપેક્ષાપૂર્તિનો આગ્રહ પ્રસન્નતાને ખંડિત કરતો જ રહે છે.

કારણ? અપેક્ષાને જન્મ આપવાનું કામ ભલે મન કરે છે, પણ અપેક્ષાને પૂર્ણ કરવાનું કામ તો પુણ્ય જ કરતું હોય છે અને જરૂરી નથી કે પુણ્ય કાયમ આપણી તરફેણમાં જ હોય, આપણને અનુકૂળ જ હોય, આપણી આજ્ઞામાં જ હોય.

સંદેશ સ્પષ્ટ છે. રાગ અને સ્વાર્થ શરતના શરણમાં રહીને પ્રેમનું બલિદાન આપતા રહે છે; જ્યારે પ્રેમ પ્રસન્નતાના શરણમાં રહીને સંબંધોને અભયદાન આપતો રહે છે.

આપણી પાસે આવો પ્રેમ ખરો? ■

## શ્રી જલારામ અન્નદાન ક્ષેત્ર

જઠરાગ્નિ જો તૃપ્ત ન હોય અને બહારગામથી આવેલા કેન્સરના દર્દીઓ અને સાથે આવેલ આપ્તજન પણ ભૂખ્યો તરસ્યો હોય તે સમયે કેન્સર સામે યુદ્ધ ન લડી શકાય. અને તેથી જ જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ આવા નિરાશ્રિત દર્દીઓને દરરોજ બે સમયે શાક-રોટલી, મસાલા-ભાત, ફળ, હલ્દીવાળું દૂધ, સૂકું અનાજ વગેરે જરૂરિયાત પ્રમાણે આપે છે. આપ આમાં સહભાગી થવા **પાના નં. ૫ ઉપર** જણાવેલ બેંકમાં અનુદાન ભરી શકશો. **સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ જીનલ દેઢિયા | નાનીખાખર | માટુંગા | ૧૪,૦૦૦/- |
| ❖ જયશ્રી ભટ્ટ | | વિલેપાર્લા | ૭,૦૦૦/- |
| ❖ સુરેશ ઘીસુલાલજી મહેતાના જન્મદિવસ નિ. હ. પ્રતિદના પ્રકાશ રૂમડે | | સેન્ડહર્સ્ટ રોડ | ૭,૦૦૦/- |
| ❖ જય શારદા | | થાણા | ૭,૦૦૦/- |
| ❖ દીપા હસમુખલાલ ગડાના જન્મદિવસ નિ. | | ખંભાતા હીલ | ૭,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |

**પ્રેરક વાર્તા**

# રાક્ષસની ચોટલી

**– રવિશંકર (મહારાજ) વ્યાસ**

શરીર તો આપણા હાથમાંનું ઓજાર છે. એનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો થાય. શરીર કેળવાઈ જાય તો કેવું એકધારું કામ આપે છે! મહી નદીનાં કોતરોમાં હું રખડતો, ત્યારે અંધારી રાતે, ઉઘાડે પગે માઈલોના માઈલો ઊંઘતો-ઊંઘતો ચાલતો. એક વાર મહીસાગરમાં ભરતી આવેલી. મારે સામે પાર જવું હતું. હોડી ચાલી ગયેલી, એટલે મેં તો ઝંપલાવ્યું અને તરતો-તરતો સામે કાંઠે પહોંચી ગયો. પછી એવા ને એવા ભીને કપડે પાંચ માઈલ ચાલીને ગયો નજીકના ગામે.

જેલમાં એક વાર મને દળવાનું કામ સોંપેલું. પહેલે દિવસે ૨૫ શેર અનાજ આપ્યું. મારાથી તે પૂરું ન થઈ શક્યું, તેથી હું શરમાયો. બીજે દિવસે ઘંટીનો ખીલડો પકડી પ્રભુને પ્રાર્થના કરી અને મનોમન સંકલ્પ કર્યો. ત્રણ કલાકમાં ૨૫ શેર અનાજ દળી કાઢ્યું!

આજે હવે હું પોતે વિચારું છું, તો મનેય આ બધું માન્યમાં નથી આવતું પણ એ હકીકત છે. શરીર તો રાક્ષસ છે; રાક્ષસ કહે તે કામ કરી આપે. પણ એની ચોટલી તમારા હાથમાં હોવી જોઈએ. ■

**મુશ્કેલીની પરિસ્થિતિ ભલે બધાને નડે છે,**
**પણ એ ક્ષણે ક્ષણ માનવીને ઘડે છે.**
**મળેલ આ અણમોલ જિંદગીમાં ઊંચાઈ એટલી જ સારી,**
**જ્યાંથી સંબંધ અને વ્યક્તિ બંને ચોખ્ખા દેખાઈ શકે.**

## સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં કેટલીક પ્રવૃત્તિઓ દાતાઓના નામથી ચાલે છે જેમાં મુખ્યત્વે :

૧) શ્રીમતી નલિનીબેન બિપિનચંદ્ર મહેતા : કેન્સર ડિટેક્શન સેન્ટર
૨) શ્રીમતી ચંપાબેન ઝુમખરામ શાહ : કોલોસ્ટોમી બેગ સેન્ટર
૩) શ્રીમતી સાકરબેન એલ. ડી. શાહ (બિદડા) : જલારામ અન્નદાન ક્ષેત્ર
૪) શ્રીમતી ઉષાબેન મણિલાલ ગાલા (કાંડાગરા-ગોરેગામ) : જલારામ અન્નદાન ક્ષેત્ર
૫) શ્રીમતી પુષ્પાવંતી કિશોરભાઈ ભોજરાજ (મેરાઉ) : એમ્બ્યુલન્સ સેવા
૬) શ્રીમતી નયનાબેન બિપીનભાઈ દાણી (માટુંગા) : વરિષ્ઠ નાગરીક આઈકાર્ડ સેવા
૭) શ્રી મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા) : બ્લેક મોલાઈસીસ દવા
૮) શ્રી ડુંગરશી મુલજી મારૂ (કારાઘોઘા) : આધુનિક ઉપકરણો
૯) કુ. સાઈશા-નાઈશા દાણી (માટુંગા) : ટોયબેંક
૧૦) માતુશ્રી ખેતબાઈ દેવરાજ મારૂ (હાલાપુર) : ચેરી. ડિસ્પેન્સરી
૧૧) માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા): જીવદયા
૧૨) માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી : હલ્દી દુધ યોજના
અને માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા)
૧૩) શ્રી હરીરામ માથુરામ અગ્રવાલ (ચેમ્બુર) : ફ્રુટ વિતરણ
૧૪) માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ દાણી (હરસોલ): એનિમલ એમ્બ્યુલન્સ મેઈન્ટેનેંસ
૧૫) માતુશ્રી લલિતાબેન બિહારીલાલ શાહ (સાંતાક્રુઝ): ઓઝોન થેરેપી સેન્ટર
૧૬) માતુશ્રી તારાબેન જયંતિલાલ વાઘાણી (માટુંગા): જીવન જ્યોત ડ્રગ બેંક
૧૭) દેવીકા સોમચંદ લાલકા (અમલનેર)
(સ્વ. કુ. હંસાબેન રતનશી લોડાયા) : કોમ્પીટીશન યોજના
૧૮) મયુરભાઈ મહેતા તથા જીતેન્દ્રભાઈ પારેખ : એમ્બ્યુલન્સ નિભાવ ફંડ
૧૯) માતુશ્રી ઈંદુમતિબેન મહેન્દ્રભાઈ ગાંધી (લિંબોદ્રા): પેથોલોજી લેબ
૨૦) શ્રીમતી મંજુલાબેન નટવરલાલ શાહ (હરસોલ) : બ્લડ બેંક
૨૧) શ્રી નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ) : મેડિકલ કેમ્પ
૨૨) શ્રીમતી નલિનીબેન રસીકભાઈ જાદવજી શાહ : એમ્બ્યુલન્સ સેવા
૨૩) સ્વ. શ્રી ઈન્દરચંદ લખ્ખીચંદ ખીંવસરા (ધુલિયા) : પસ્તી યોજના
૨૪) ડૉ. રમેશ મંત્રી : અનાજ વિતરણ
૨૫) શ્રીમતી સાકરબેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ (વર્લી): કેમોથેરેપી વિભાગ

***સમાજને ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં લાભ લેવા વિનંતી.***

યોગ વિજ્ઞાન

# સંસારી વ્યક્તિ અને પ્રાણાયામ અભ્યાસ

સંસારીએ યોગાભ્યાસ, અને તેમાંય પ્રાણાયામના અભ્યાસની ભાંજગડમાં પડવું નહીં; યોગાભ્યાસ એમના માટે નથી એવી એક માન્યતા રૂઢ થયેલી જણાય છે. કારણ કે ગૃહસ્થીને અર્થોપાર્જન, સામાજિક જીવન, પારંપારિક કર્તવ્યો, મનોરંજન, સમસ્યાઓ, ધાર્મિક કાર્યો જેવી બાબતોમાંથી યોગાભ્યાસ માટે સમય મળતો નથી. આધ્યાત્મિક ઉન્નતિમાં તેમને જોઈએ તેટલો રસ પણ હોતો નથી. ઇચ્છા હોવા છતાં યમ-નિયમના પાલનની શક્તિ અને આસન, પ્રાણાયામનો અભ્યાસ કરવાની આપણી ક્ષમતા નથી એવી તેમની ધારણા હોય છે.

આમાંથી ઘણાખરાં કારણો ખરી ઇચ્છાના અભાવથી અને કેટલાક આળસ વડે, તો પછી કેટલાક ગેરસમજણ વડે નિર્માણ થયેલાં હોય છે. ઇચ્છા હોય તો માર્ગ ચોક્કસ નીકળે એ વાત થોડે-ઘણે અંશે સાચી ઠરે છે. યમ-નિયમનો મોટો ભય રાખવાનું કોઈ કારણ નથી. સામાન્ય યોગાભ્યાસી પાસેથી યમ-નિયમના યથાશક્તિ પાલનની જ અપેક્ષા હોય છે. અર્થોપાર્જન, સંસારી કર્તવ્યો, સમસ્યા જેવી બાબતોને પૂર્ણ કરવા માટે સમતોલ વ્યક્તિત્વની આવશ્યકતા હોય છે, તે આસનો-પ્રાણાયામ વગેરેના અભ્યાસ વડે પ્રાપ્ત થાય છે.

સંસારીનો જીવન ધ્યેય મોટે ભાગે ભૌતિક સુખ-સમૃદ્ધિનો હોય છે. તેઓને સમાધિસુખની ઇચ્છા નથી હોતી. યોગનો અંતિમ ધ્યેય સમાધિ હોવા છતાં આરોગ્ય, સર્વાંગી પ્રગતિ, મનઃસ્વાસ્થ્ય, મનઃશાંતિ અને સમતોલ વ્યક્તિત્વ એ સમાધિ માર્ગના માઇલ-સ્ટોન (Mile-stones) છે. આપણી ઇચ્છા અને શક્તિ મુજબ તેને પાર કરી શકાય છે. 'બ્રેડમેન' અથવા 'ધ્યાનચંદ' કે 'પેલે' હોવાની ઇચ્છા અને ક્ષમતા ન હોય તો પણ વ્યાયામ અને મનોરંજનના માફકસર હેતુથી લોકો ગલીઓમાં પણ ક્રિકેટ, હોકી, ફૂટબોલ જેવી રમતો રમે જ છે. યોગ અને પ્રાણાયામનો આવા માફકસર ઉદ્દેશથી અભ્યાસ કરવામાં કંઈ જ વાંધો નથી. ■

# માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ચત્રભુજ મોદી અને માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદા (સમાઘોઘા) હલ્દી દુધ યોજના

ગાયનું દુધ અને હલ્દી પાવડર જેવા ઔષધી ગુણ વડે કેન્સરગ્રસ્ત દર્દીઓની એસિડીટી, દવાઓની તીવ્ર ગરમી સામે રક્ષણ મળે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધે એવા આશયથી હલ્દી દુધ યોજના ચાલુ કરવામાં આવી છે. જેનો એક દિવસનો નકરો રૂ. ૭૦૦/– રાખવામાં આવ્યો છે. એવા સહૃદયી દિલેરદાતાઓની યાદી આ પ્રમાણે છે.

**સંસ્થાને અપાતું દાન ૮૦ જી અંતર્ગત કર રાહતને પાત્ર છે.**

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ ગુણવંતરાય જી. રાઠોડ | | મુલુંડ | ૨,૦૦૦/– |
| ❖ માતુશ્રી લાછબાઈ હીરજી કરમશી ભેદાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. પરિંદાબેન રશ્મીકાંત ભેદા | સમાઘોઘા | માટુંગા | ૧,૫૦૦/– |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/– |
| ❖ કેયુર સુનિલ શાહ | | વિરાર | ૮૦૦/– |
| ❖ સમીર સી. શાહ | | વાલકેશ્વર | ૮૦૦/– |
| ❖ દેઓટિમા ગોસ્વામી | | કલકત્તા | ૮૦૦/– |
| ❖ મુલચંદ કાનજી સાવલા | રામણિયા | ચેમ્બુર | ૭૦૦/– |

## માનવતાના સાદને મળ્યો પ્રતિસાદ

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ યતીન હરખચંદ સાવલાની પુણ્યસ્મૃતિ નિ. | | | |
| હ. હર્ષ યતીન સાવલા | | વડાલા | ૫૦,૦૦૦/– |
| ❖ ઓમાનંદ ઈન્ડસ્ટ્રીસ | | નાગપુર | ૨૦,૦૦૦/– |
| ❖ વિજયભાઈ અજમેરાની પુણ્યસ્મૃતિ નિ. | | | |
| હ. વિરલ કોઠારી | | ગોરેગામ | ૧૧,૦૦૧/– |
| ❖ હર્ષલ વેણીલાલ પધારિયા | | ઘાટકોપર | ૧૦,૦૦૦/– |
| ❖ ઉમેશ બિપીન દલાલ | | અંધેરી | ૫,૦૦૦/– |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/– |

## બોધકથા

# મને ગમે તે



**– અનુવાદ : આદિત્ય વાસુ**

**સમસ્યા**

બાદશાહ અકબરના રાજ્યમાં એક કંજૂસ હતો જે ખખડી ગયેલી ઝૂંપડીમાં રહેતો હતો અને પોતાના બધા જ પૈસા બચાવ્યા કરતો હતો. આમ તેની પાસે ઢગલાબંધ સોનામહોરો એકઠી થઈ ગઈ હતી.

એક દિવસ આ કંજૂસની ઝૂંપડી સળગી ઊઠી. તે બૂમાબૂમ કરવા માંડ્યો, પરંતુ તેનામાં પોતાની મહામૂલી બચત બચાવવાની હિંમત ન હતી. એક વેપારી ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, તેણે બૂમાબૂમ સાંભળતાં આ કંજૂસને પૂછ્યું, ''આવી ભંગાર જેવી ઝૂંપડી સળગી ગઈ તેમાં આટલી બૂમાબૂમ શા માટે કરો છો?''

કંજૂસઃ ''મારી બધી જ બચત તેમાં હતી.''

વેપારીઃ ''કેટલી બચત હતી?''

કંજૂસઃ ''૧૦૦ સોનામહોર.''

વેપારીઃ ''જો હું જાનના જોખમે અંદર જઈ તમારી બચત ઉગારી લઉં તો મને શું આપશો?''

કંજૂસઃ ''એક સોનામહોર.''

વેપારીઃ ''હું મારા જીવનને હોડમાં મૂકી દઉં છું અને તમે મને ફક્ત એક સોનામહોર આપવાની વાત કરો છો એ ન ચાલે. હું તમારું કામ ત્યારે જ કરી આપું જો તમે મને, 'મને જે ગમે તે' તમને આપવાની છૂટ આપો.''

કંજૂસે પહેલાં તો ખૂબ વિરોધ કર્યો, પરંતુ પછી તે સંમત થયો.

સળગતી ઝૂંપડીમાં જતાં પહેલાં વેપારીએ બધું જાણી લીધું કે કંજૂસનું ધન ક્યાં દાટેલું છે, તે પછી તે અંદર ગયો અને કંજૂસનું ધન લઈ હેમખેમ બહાર આવી ગયો.

બહાર આવી વેપારીએ કંજૂસને કહ્યું કે, ''જુઓ, તમે સંમત થયા હતા કે જે મને ગમે તે હું રાખીશ (અથવા તમને આપીશ). આથી હું બધી જ સોનામહોરો રાખી લઉં છું અને જે થેલીમાં સોનામહોર હતી તે તમને આપી દઉં છું.''

કંજૂસે આ વાતની વિરુદ્ધમાં ખૂબ દલીલો કરી, પરંતુ વેપારી સંમત ન થયો. તેઓનો ઝઘડો જોઈને કેટલાક રાહદારીઓએ તે બંનેને બીરબલ પાસે જવાની સલાહ આપી.

વેપારીએ જે બન્યું હતું તે વિગતવાર બીરબલને કહ્યું અને માગણી મૂકી કે તેને કંજૂસની બધી જ સોનામહોરો આપી દેવામાં આવે.

**બીરબલનો ઉકેલ**

બીરબલે કંજૂસને પૂછ્યું કે, ''વેપારી જે વાત કરે છે તે સાચી છે?'' કંજૂસે કહ્યું કે, ''હા, તે સાચી છે.''

બીરબલઃ ''વેપારીભાઈ, તમે એ વાત સાથે સંમત થયા હતા કે તમને જે ગમે તે તમે કંજૂસને આપશો. તમને સોનામહોરો ગમી હતી કે નહીં?''

વેપારીઃ ''હા, જનાબ, ગમી હતી, પણ...''

બીરબલઃ ''તમને સોનામહોરો ગમી હતી તો તે આ માણસને આપી દો, કારણ કે તમે તે પ્રમાણે આપવા સંમત થયા હતા.''

વેપારીએ છેવટે સોનામહોરો કંજૂસને આપવી પડી.

**શીખ - ૧**

ખૂબ જ સાવચેતીપૂર્વક તમારા શબ્દો પસંદ કરવાનું રાખજો, નહીં તો ક્યારેક મુશ્કેલીમાં મુકાઈ જશો. આપણા વિચારોને અસરકારક રીતે વ્યક્ત કરવા માટે ભાષા ઘડવામાં આવી છે; એટલે જો આપણે ખૂબ બોલ-બોલ કરીએ, પરંતુ જે કહેવાનું હોય તે ચોકસાઈપૂર્વક ન કહી શકીએ તોપણ આપણું બોલવું નકામું ઠરશે.

**શીખ - ૨**

જે લોકો કાયદા અને નિયમો ઘડતા હોય છે તેઓએ યાદ રાખવું જોઈએ કે લોકો ખોટી અને અન્યાયી માગણીઓ સામે અસરકારક છીંડાં શોધી કાઢતા હોય છે જેથી અન્યાયનો સામનો કરી શકાય. દાખલા તરીકે જો કરવેરા આટલા ઊંચા ન હોય તો કાળું નાણું ન હોય, જો કર્મચારીઓ સાથે ન્યાયી વર્તન થાય તો હડતાળો ન પડે; અને આવું થાય તો વિશ્વ રહેવા માટેનું શ્રેષ્ઠ સ્થળ બની જાય, પણ છતાંય તેમાં છેતરપિંડી કરનારા તો હોય જ! ■

## અવયવદાન અને નેત્રદાન

જીવન બાદ પણ થતું એક સત્કાર્ય એટલે નેત્રદાન અને અવયવદાન. આજના આ વૈજ્ઞાનિક યુગમાં મૃત્યુબાદ આપણા શરીરના અમુક ભાગો જો બીજાને જીવાડવા કામ લાગતા હોય તો એને બાળી નાખવા કે દાટી નાખવા કરતા જરૂરતમંદ વ્યક્તિને કામમાં આવે તેવી રીતે દાનમાં આપવા જેનાથી મૃત્યુ બાદનું સત્કાર્ય પણ શક્ય બને. તેથી જ જીવનબાદ અવયવદાન ઉત્તમમાં ઉત્તમ દાન થઈ શકે છે.

**દ્રષ્ટાંત કથા**

# વસંત અને પાનખર

દૂરના એક કાકા મરી ગયા અને એક છોકરાને અચાનક ઘણું ધન મળી ગયું. છોકરાએ એ ધન દોસ્તારો સાથે મોજમજા કરવામાં ઉડાડવા માંડ્યું.

એક વૃદ્ધ સજ્જને છોકરાને કહ્યુંઃ ''ભાઈ, ધન વહેતી નદી જેવું છે, અને મોજમજા ઘંટીના પડ જેવી છે. માટે તું કંઈ ધંધો-રોજગાર કર! ધન કમાતો જા ને ખરચતો જા! તું કશું કમાતો નહિ હોય અને આમ ખરચતો રહેશે તો ધનની ગમે એવડી મોટી ગંગા હશે તોયે સુકાઈ જશે!''

પણ છોકરાએ કશું કાને ધર્યું નહિ. તેણે કહ્યુંઃ ''કાકા, તમને મારી અદેખાઈ આવે છે, તેથી તમે આવું બોલો છો. બાકી આખું ગામ મારાં વખાણ કરે છે ને કહે છે કે છોકરો કેવો ઉદાર છે! એનો હાથ કેવો છૂટો છે!''

વૃદ્ધ સજ્જને કહ્યુંઃ ''અરે ભાઈ, પણ તારા ભવિષ્યનો તો કંઈ વિચાર કર, આવતી કાલનો તો વિચાર કર!''

આ સાંભળી એ છોકરો અને એના ગોઠિયાઓ ખડખડ હસી પડ્યા. કહેઃ ''ડોસો આવતી કાલનો ભય દેખાડી આપણી આજ બગાડવા માગે છે! આવતી કાલે સુખી થવા હાટુ શું આપણે આજે દુઃખી થવું? કેવી અક્કલ વગરની વાત કરે છે આ ડોસલો!''

વૃદ્ધ હવે કંઈ બોલ્યો નહિ, પણ થોડા વખત પછી એ વૃદ્ધે કહ્યું હતું તેવું જ બન્યું. છોકરાની બધી મિલકત સાફ થઈ ગઈ, ઘરબાર વેચાઈ ગયાં અને એ ચીંથરેહાલ દશામાં આવી ગયો. હવે રોટીના ટુકડા માટે એ ઘેર-ઘેર ભીખ માગતો ફરતો હતો. એના દોસ્તોય બધા એને છોડી ગયા હતા.

વૃદ્ધને એ જોઈ ખૂબ દુઃખ થયું. તે બોલ્યોઃ ''જીવનમાં વસંત આવે છે તેમ પાનખર પણ આવે છે! માટે ડાહ્યા માણસે વસંતકાળે પાનખરની તૈયારી કરી રાખવી જોઈએ. કીડી કેવું ક્ષુદ્ર જંતુ છે, તોયે ઉનાળો આવે ત્યારે એ ચોમાસા માટે કણ સંઘરવા માંડે છે!'' ■

**પ્રસંગ કથા**

# અપમાન

**- ભારતી પી. શાહ,** *અમદાવાદ*

આજે રમીલાબેનના ઘરમાં ખૂબ આનંદ ઉલ્લાસનો માહોલ હતો, કારણ કે કોઈ પણ વિઘ્ન વગર તેમના દીકરા અમરના લગ્ન રંગેચંગે પતી ગયા હતા. ઘરમાં નવલી નવેલી વહુ દિપાએ પગરણ માંડ્યાં હતાં. દિપાના માતા-પિતાએ સંતોષ અને શાંતિનો શ્વાસ લીધો. દિપાનો પતિ એન્જિનિયર હતો અને દિપાને સુખી સંપન્ન ઘર મળ્યું હતું. દિપા મધ્યમ વર્ગની દીકરી હતી એટલે તેના માતા-પિતા માનતા હતા કે દિપા સાસરે રાજ કરશે. દિપા ભણેલી-ગણેલી અને ખૂબ સમજદાર છોકરી હતી. એટલે માતા-પિતાને પૂરો વિશ્વાસ હતો કે દિપા જરૂરથી બધાના દિલ જીતી લેશે. દિપાના માતા-પિતાએ યથાશક્તિ કરિયાવર આપી લાડલી દિકરીને વળાવી હતી.

દિપા ઘરમાં બધાની સાથે હળીમળીને રહેવા લાગી. દિપાએ ઘરની બધી જવાબદારી કુશળતાપૂર્વક નિભાવવા માંડી. શરૂઆતમાં બધું ઠીક ચાલ્યું. નવી વહુ ચાર દા'ડા અનુસાર દિપા અને અમરનો સંસાર ખુશીખુશી ચાલતો રહ્યો. ધીરેધીરે દિપાના જીવનને અમીરી-ગરીબીનું ગ્રહણ લાગવું શરૂ થયું.

દિપા એક સાધારણ પરિવારની દીકરી હતી. તેને જિંદગીમાં ખાસ કોઈ એશોઆરામનો અનુભવ ન હતો. પિતા નોકરીયાત હતા. ટૂંકા પગારમાં આખું ઘર ચલાવવામાં આવતું હતું. ઘરના કામ માટે નોકર રાખ્યો જ ન હતો. ઘરનું કામ દિપા અને તેની માતા મળીને નિપટાવતા. પિતાને થોડોક આર્થિક ટેકો મળે તે માટે દિપા અને તેનો ભાઈ રીધમ અભ્યાસની સાથે સાથે ટ્યુશન કરતા હતા. લક્ષ્મી ખૂબ મુશ્કેલીથી તેમને પ્રાપ્ત થતી હતી, એટલે નાહકના ખર્ચ હોટેલો, પાર્ટી વગેરેથી ભાઈબહેન દૂર જ રહેતા હતા. બસ, સાદુ જીવન અને અભ્યાસમાં એકાગ્રતા તેમનો ધ્યેય હતો.

દિપાનું સાસરું અમીર, સુખી સંપન્ન હતું. ઘરમાં નોકરચાકર હતા, વળી ઘરમાં અવારનવાર પાર્ટીઓના આયોજન થતા હતા. દર અઠવાડિયે હોટેલમાં જમવાનો પોગ્રામ બનતો. બધા ધનદોલતમાં, એશોઆરામમાં આળોટતા હતા. વાર

તહેવારે નવા વસ્ત્રો ખરીદવાનો ચીલો હતો. સમજદાર દિપા ઘરની બધી જ વ્યક્તિઓ સાથે સુમેળ સાધતી. પરિસ્થિતિને અનુકૂળ થવા પ્રયત્ન કરતી રહેતી. દિપાના સાસુ રમીલાબેનની બોલી, સ્વભાવમાં, વર્તનમાં બધે અમીરીની છાટ ઝલકતી હતી. વાતવાતમાં તેમની અમીરી સાસુ-વહુ વચ્ચે દિવાલ ચણાતી ગઈ. લગ્ન બાદ રિવાજ મુજબ વહુનું આણું જોવા સગા-સ્નેહીઓને બોલાવવાનો રિવાજ છે. ઘરના વડીલ રૂખીબાએ રમીલાને દિપાનું આણું પાથરવાનું સૂચન કર્યુ, ત્યારે રમીલાબેન બોલ્યા, ''જુઓ મમ્મી, આપણાં સગાવહાલાં બધાં જ આવશે તો ખરા, આપણે તેમને ઉત્તમ નાસ્તા-પાણી કરાવીશું. પણ તેમને આપણી દિપાનું આણું કાંઈ નજરમાં નહીં આવે... હા... દિપાના કરિયાવરમાં ખાસ નવીનતા જેવું છે જ ક્યાં? મને તેનું આણું પાથરવાની ઈચ્છા જ નથી...'' દિપાએ આ વાતચીત સાંભળી લીધી તેને ખૂબ જ દુઃખ થયું. પણ ડાહી દિપા ચૂપ જ રહી અને કડવો ઘૂંટડો પી ગઈ. ઘરમાં ક્લેશ ના થાય એટલે તે પોતાના પતિને કોઈ ફરિયાદ ના કરતી.

તહેવાર હોય કે લગ્ન પ્રસંગ કે પાર્ટી હોય, રમીલાબેન હંમેશા દિપાના કપડાં-દાગીના અંગે ટકોર અવશ્ય કરતાં, અને આમ અનેક ઘટના વેળાએ, પ્રસંગો દરમિયાન દિપાનું અપમાન થતું જ રહેતું. રિમીલાબેનના કટુવચનો દિપાને હૈયા સોંસરવા ઉતરી જતા અને તે એકાંતમાં રડી પડતી. ગૃહક્લેશ ન થાય એટલે તે ચૂપ રહેતી અને સહન કરતી હતી.

સમય વીતતો ચાલ્યો, હવે દિપાએ મનોમન નક્કી કર્યુ કે હવે રમીલાબેન અપમાન કરે તો સહન કરવું નથી અને તેમને પાઠ ભણાવવો છે.

દિપા જાણતી હતી કે વટ પાડવા, મોટાઈ દેખાડવા માટે રમીલાબેન અનેક સંસ્થામાં ફાળો આપતા હતા અને કાર્યકર્તા તરીકે સેવા આપતા હતા. એકવાર તેમના શહેરમાં 'ગરીબ કન્યા સમુહ લગ્ન'નું આયોજન હતું, એટલે આયોજન સમિતિની કાર્યકર્તા બહેનો રમીલાબેનના ઘરે આવ્યા. આ સમિતિના કાર્યકર્તા તરીકે ફરજ બજાવતાં અલ્પાબેન બોલ્યા, ''રમીલાબેન, આજે આપણે બધાએ સમુહ લગ્નની કન્યાઓ માટે પાનેતર, કપડાં, પુરત વગેરેની ખરીદી ક્યાંથી કરવી. બીજું શું શું આપવું તે બધું વિચારવા માટે તમારા ઘરે ભેગા થયા છીએ.'' આ સાંભળી

રમીલાબેનની છાતી ગજગજ ફૂલી ગઈ અને બોલ્યા, ''અરે એમા શું? મારો આટલો મોટો બંગલો ક્યારે કામ આવશે, વળી અહીં તમને કોઈ અગવડ નહીં પડે અને...'' રમીલાબેન આગળ કશું બોલે તે પહેલાં જ દિપા બોલી, ''ના... ના... મારા સાસુ આધુનિક જમાનાના મોભાદાર સ્ત્રી છે. આવા નાના કામ... શ્રીમંતો, અમીરોને શોભે તેવી જ વાત લઈને આવવું. આવી ગરીબ કન્યાઓના સમુહ લગ્ન... સાવ સામાન્ય વાત... આવું બધું તેમને અનુકૂળ ના આવે... કોઈ ઊંચું પ્રપોઝલ હોય તો ઠીક... સોરી... વળી ગરીબ કન્યાઓ માટે લેવાતી નીચલી કક્ષાની વસ્તુઓ ખરીદવી તેમને ગમતી જ નથી માટે આવા સામાન્ય શોપિંગ માટે મમ્મીને તકલીફ ના આપો...'' આ બધું સાંભળીને અલ્પાબેન બોલ્યા, ''કેમ, દિપા તું આ રીતે વાત કરે છે?''

''જુઓ માસી, આ મારો અત્યાર સુધીનો અનુભવ બોલે છે, કદાચ તમને નહીં સમજાય... પણ મમ્મી બધું સમજી ગયા છે. સાચી વાતને મમ્મી?'' દિપા બોલી, આ બધું સાંભળી રહેલાં રમીલાબેન ઝંખવાઈ ગયા.

કાર્યકર્તા જ્યોતિબેન બોલ્યા, દિપા, તારી વાત હું બરાબર સમજી ગઈ છું. સેવાભાવી વ્યક્તિ ક્યારેય પૈસાને અહમ્‌નું સાધન ના બનવા દે. ગુરૂમાતાની આજ્ઞાથી અમે સેવાભાવનાનું ધ્યેય જીવનમાં ઉતાર્યુ છે. સેવાભાવનાને ક્યારેય અમીરી-ગરીબી ના નડવા જોઈએ. ઘરની વહુઓનું સ્વમાન જળવાય તે જરૂરી છે. ગરીબ વ્યક્તિને પણ પોતાનું સ્વમાન વ્હાલું હોય છે.''

આ બધી વાત સાંભળી રમીલાબેન ઝાંખા પડી ગયા. તેમને પોતાની ભૂલોનો, વર્તનનો અહેસાસ થયો. રમીલાબેન બોલ્યા, ''કાર્યકર્તા બહેનો મને માફ કરજો... દિપા તું પણ મને માફ કરજે... અમીરીના નશામાં મેં ભૂલો કરી છે... આજે હું સેવાભાવનાનો સાચો અર્થ સમજી ગઈ...'' દિપા તરત જ રમીલાબેનને ભેટી પડી. સાસુ-વહુના નેત્રો ખુશીના આંસુથી ભરાઈ ગયા. સમગ્ર વાતાવરણ મંગલમય બની ગયું. ■

**વાચક ગણ, જીવનપથમાં પ્રસિધ્ધ થતાં લેખ-કાવ્ય-નવલિકા-નોવેલ તથા અન્ય લખાણ જે તે લેખકોના મંતવ્ય હોય છે, એમાં પ્રસિદ્ધ થતાં કોઈપણ લેખ કે અન્ય સાહિત્ય સાથે તંત્રી મંડળ કે ટ્રસ્ટી મંડળ સહમત છે એમ માની લેવું નહીં. આ આખો પ્રયાસ કેન્સરગ્રસ્ત દર્દીઓના ઉત્થાન માટે છે. છતાં ઉપસ્થિત થનાર વાદ માટે ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. - *જીવનપથ તંત્રી મંડળ***

# ભૂલી ગયો

પ્રભુને મળવા ગયો ને
માણસ રસ્તો ભૂલી ગયો
માણસ તો બનવા ગયો
પણ પ્રેમ ભૂલી ગયો

પરિવારને પામવા ગયો
ત્યાં ખુદને જ ભૂલી ગયો
પૈસાને પામવા ગયો
ત્યાં પરિવાર ભૂલી ગયો

જિંદગીની ભાગદોડમાં
હું ઉંમર ભૂલી ગયો
ઉંમર યાદ આવી
ત્યારે હું જીવન ભૂલી ગયો.

■



હમણા એક ભાઈ મને કહે 'ભાઈ ! આ ડોસીમાનું દવાખાનુ ક્યાં છે ?'

હું'ય વિચારમાં પડી ગયો ! લેડીસ દવાખાનુ સાંભળ્યુ... બાળકોનું દવાખાનુ સાંભળ્યુ છે પણ આ ડોસીમાનું દવાખાનુ વળી ક્યાં હોય!

પછી એણે મને સરનામુ લખેલ કાગળ દેખાડ્યો લખ્યુ હતુ.... 'ડો. સીમાનું દવાખાનુ'. કસમથી મગજની નસ ખેચી નાઈખી...

વ્યક્તિ વિશેષ

# મનોજ ખંડેરિયા - કવિ અને ગઝલકાર



મનોજ ખંડેરિયાનો જન્મ છઠ્ઠી જુલાઈ, ૧૯૪૩ના રોજ જૂનાગઢમાં થયો હતો. પિતા - મહેસુલી અધિકારી હોવાને કારણે વારંવાર બદલીઓ થતી રહેતી જેના પરિણામે મનોજભાઈનું પણ ધોરાજી, વેરાવળ, મોરબી, રાજકોટ, જામનગર જેવા અનેક શહેરોમાં સ્થળાંતર કરવાનું બનતું રહ્યું. આ સ્થળોએ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લઈને તેઓ ૧૯૬૫માં બી.એસ.સીની પદવી મેળવી. ૧૯૬૭માં એલ.એલ.બી થયા અને ૧૯૬૮થી જૂનાગઢમાં જ વકીલાતનો આરંભ કર્યો. સાથે વાણિજ્ય કાયદાના વિષયનું અધ્યાપન કાર્ય કર્યુ. ૧૯૮૪થી એ પથ્થરની ખાણના ઉદ્યોગક્ષેત્રે સંકળાયા.

મનોજભાઈએ કાવ્યસર્જનની શરૂઆત ૧૯૫૬-૬૦થી કરી. આદિલ મન્સુરી, મણિલાલ દેસાઈ વગેરે મિત્રોના આગ્રહથી ડિસેમ્બર ૧૯૬૫માં બે ગઝલ 'કુમાર' માસિક માટે મોકલી. એમાંથી 'દિવાલો' શિર્ષકની રચના ફેબ્રુઆરી ૧૯૬૬ના 'કુમાર' માસિકમાં પ્રકાશન પામી. ચાર દાયકાના સાતત્યપૂર્ણ કાવ્યસર્જનના સુફળરૂપે એમની પાસેથી 'અચાનક' અને 'અટકળ' કાવ્યસંગ્રહો મળ્યા. અંજની કાવ્યોનો સંગ્રહ 'અંજની' ૧૯૯૧, તેમ જ ગઝલસંગ્રહ 'હસ્તપ્રત' (૧૯૯૧), 'કોઈ કહેતું નથી' (૧૯૯૪) નામે એમની ગઝલોનું પણ સંપાદન થયું છે. 'ક્યાંય પણ ગયો નથી' કવિનો છેલ્લો કાવ્યસંગ્રહ છે.

તેઓ 'અચાનક' કાવ્યસંગ્રહ માટે ગુજરાત રાજ્ય સરકાર પુરસ્કાર તો 'અટકળ' માટે ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર અને 'અંજની સંગ્રહ'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કાર થયા છે. 'હસ્તપ્રત'ને અકાદમી અને પરિષદ બંનેના પારિતોષિક મળ્યા છે. ૧૯૯૯માં આઈ.એન.ટી. દ્વારા કલાપી એવોર્ડ અર્પણ કરીને કવિશ્રીની સર્જક પ્રતિમાનું યથોચિત્ત અભિવાદન થયું હતું. એવોર્ડની પૂરેપૂરી રકમ એમણે આઈ.એન.ટી.ને સુપરત કરી એમાંથી વર્ષ દરમિયાન

પ્રગટ થયેલા ઉત્તમ કાવ્યસંગ્રહને 'બાલાશંકર કથારિયા પારિતોષિક' આપવાનું સૂચન કર્યું. કવિની હયાતીમાં જ જાહેર થયેલો ૨૦૦૨ વર્ષનો 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' પણ એમના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો.

એમનું મૃત્યુ ૨૭મી ઓક્ટોબર ૨૦૦૩ના થયું. ■

**કવિતા**

## હાથ ઝાલીને જરા નીકળો

**– મનોજ ખંડેરિયા**

વીતેલા બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો,
નર્યા વિસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો.

સમજવા મનને સઘળી શાસ્ત્ર સમજણ ખીંટીએ ટાંગો,
પછી કોઈ અભણનો હાથ ઝાલીને જરા નીકળો.

અટૂલા પાડી દે છે કંઈ વખત પોકળ પરિચિતતા,
અજાણ્યા કોક જણનો હાથ ઝાલીને જરા નીકળો.

જીવનની ભીંસમાં કરમાઈ જતાં વાર નહીં લાગે,
તરોતાજા સ્મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

ઘડીના માત્ર છઠ્ઠા ભાગમાં થાશે જીવન દર્શન,
સડક વચ્ચે મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

પડ્યાં રહેવું ન ઘરમાં પાલવે વરસાદી મોસમમાં,
ભીના વાતાવરણનો હાથ ઝાલીને જરા નીકળો.

તમારું ખુદનું અંધારું ન ઘેરે તમને રસ્તામાં,
કવિતાના કિરણનો હાથ ઝાલીને જરા નીકળો.

નવલકથા

(ગતાંકથી ચાલુ)

# 'કુંતી'

- રજનીકુમાર પંડ્યા

''હું મારી ગાડી લઈને એને ઘેર ગયો. બેલ મારી તો સ્વિડિશ લોકોના પ્રમાણમાં સહેજ કાળા વાળવાળી એક યુવતીએ દરવાજો ખોલ્યો. બનવાજોગ છે કે તે પણ ઇન્ડિયન હોય. પણ અહીં પરિચય વિના વાત કરવાનો રિવાજ નથી. કદાચ તે એલનની વાઈફ કે ગર્લફ્રેન્ડ હશે. તેણે કહ્યું કે તે એલનને બોલાવી લાવે છે. હું બારણે જ ઊભો રહ્યો. તરત જ એલન અંદરથી આવ્યો. દેખાવ પરથી લાગતું હતું કે...''

કુંતીની છાતી ધકધક થઈ રહી હતી. ચોવીસ-પચીસ વર્ષના એના પુત્રને નજરે જોનાર હવે પત્રમાં તેની છબી આલેખતો હતો, જાણે કે...

''તે ગ્રીક અથવા સ્પેનિશ હોય; પરંતુ ઇન્ડિયન તરીકે ઓળખવામાંય વાંધો ન આવે. પૂરો ઊંચો, પડછંદ, અસલ સ્વિડિશ લોકોના પ્રમાણમાં જરાતરા શામળો; પણ ઇન્ડિયનોના પ્રમાણમાં એકદમ ઊજળો વર્ણ લાગે. સહેજ તપખીરી રંગની આંખો અને ચોખ્ખું મોઢું, જડબાંની રચના એવી કે સતત એનામાં પડેલા કોઈ દ્રઢ નિર્ણયની છાપ પડે. તેણે મારી સાથે બારણામાં ઊભા ઊભા જ અર્ધો-પોણો કલાક વાત કરી અને કબૂલ કર્યું કે તે એ જ છોકરો છે, જેને ચોવીસ વરસ અગાઉ ભારતમાંથી દત્તક તરીકે લાવવામાં આવ્યો હતો. તેમ છતાં મારા ભારતીય હોવા ઉપરાંત તો ઠીક; પણ એની માતા વિષે હું જાણું છું એમ કહેવા છતાં એણે કોઈ જ ઉમળકો કે ભાવ ચહેરા પર આવવા ન દીધા; એટલું જ નહિ, મને ઘરની અંદર આવવા પણ કહ્યું નહીં. અલબત્ત, આ વાત અહીંના કલ્ચરમાં સામાન્ય છે કે અજાણ્યા માણસને ઘરની અંદર આવવા ન દેવો. પરંતુ તેના ચહેરા પર કોઈ ભાવ ન આવેલો જોઈને મને પણ બહુ નવાઈ લાગી.''

કુંતીની સુરત પર ઉદાસી છવાઈ ગઈ. અલબત્ત, આ જાણકારી નવી નહોતી. એલને એના પરના પત્રમાં જે લખ્યું હતું, જે રીતે લખ્યું હતું તેની સાથે આ વાત સુસંગત હતી, હૃદયને ભારે પીડા આપનારી હતી. કર્ણના હૃદયમાં કુંતી માટે કોઈ જ લાગણી કે સંવેદનો નહોતાં એ વાત કડવી, થૂંકી નાખવાનું મન થાય એવી હતી. છતાં કદાચ તાર્કિક હતી, સમજાય તેવી હતી. મા જ્યારે સંતાનને

થરથરતી જાંઘે જન્મ આપે છે ત્યારે માતા તો સમજણી અને દૂધભરી છાતીવાળી હોય છે; પણ બાળકને તો એ વખતે માતાની તો શું, જાતની પણ સંજ્ઞા નથી હોતી. છ મહિનાની ઉંમરથી એની આંખમાં માતાની ઓળખ પ્રગટતી હતી ત્યાં તો એ નાજુક તંતુ પર કુહાડીનો ઘા પડ્યો હતો! એ પછી એ જે મા-બાપ પાસે જઈને રહ્યું હતું એમના પ્રત્યે તો એનો લાગણીનો અંકુર વધીને વડ થઈ ગયો હોય, પછી ખરેખરી જનની સાથે શું? બંને વચ્ચે સંબંધ શો?

''કુંતી!'' એણે જાતને જ પ્રશ્ન કર્યો, કર્ણના આ પ્રતિભાવથી તારા હૃદયના સાગરની ભરતી ઓસરી ગઈ? ઓટમાં પલટાઈ ગઈ છે? તો શું એને મળવાની ઈચ્છા મરી ગઈ છે?

ના. ના. ના. એની ભીતરથી ચિત્કાર ઊઠ્યો, ના... ના... એ લાગણી તો બારમાસીનાં ફૂલ જેવી છે. હવે તો એને એક વાર આશ્લેષમાં લઈને ભીંસી જ દેવો છે. હવે તો જુવાન બની ગયેલા એ દીકરાની લોખંડી છાતી પર પોતે બનાવેલું મુલાયમ ઊનનું સ્વેટર પહેરાવવું જ છે. એના ઉપર હવે તો વૃદ્ધત્વને પહેલે પગથિયે પહોંચેલાં કાંડાની મુક્કીઓ પછાડી પછાડીને કહેવું છેઃ ''કર્ણ, બેટા... હું તારી સાચી મા છું, તારી જનેતા!''

લાગ્યું કે એ વધુ પડતા લાગણીના પ્રવાહમાં તણાઈ ગઈ. એ થોડી સ્વસ્થ થઈ, મનને કાઠું કર્યું અને પત્રને આગળ વાંચવા માંડીઃ

''ખેર, સ્વામીજી! હું જાણતો નથી કે આ હકીકત લખીને હું તમારા કે એની માતા કુંતીના હૃદયને કેટલું દુઃખ પહોંચાડી રહ્યો છું, પણ લખવું એ મારી ફરજ છે. મને લાગે છે કે એની પેલી ગર્લફ્રેન્ડ એના કરતાં વધારે ઋજુ અને વિવેકી હશે. ભાગ્યે જ પાંચ ફૂટ ઊંચી એ છોકરી શરીરે સપ્રમાણ હતી અને પહેરવેશે પણ આછકલી નહોતી. હજુય મને લાગે છે કે એ પણ ભારતીય લોહીની જ હશે; પછી ખબર નથી. એના વિષે પૂછવું એ અહીં અવિવેક ગણાય. પણ થોડી બીજી માહિતી આડકતરી રીતે મળી છે અને તે એ કે એનાં પાલક માતા-પિતા ઓલીવર અને બ્રિગેટ વેસ્તરીસ નામના શહેરમાં રહે છે. આ છોકરો અહીં ફાલુનમાં થોડાં વર્ષો અગાઉ ટીચર્સ કોલેજમાં ભણવા માટે આવ્યો હતો. પહેલાં એ કોઈ સ્ટુડન્ટ્સ હોસ્ટેલમાં રહેતો હતો. હવે એપાર્ટમેન્ટમાં એની ગર્લફ્રેન્ડ કે વાઈફ જે હોય તેની સાથે રહે છે, બાલમંદિર કક્ષાની કોઈ શાળામાં નોકરી કરે

છે અને વધારામાં કોઈ સાઈડ-જોબ કરે છે. સૌથી આગળની વાત તો એ છે કે હું ભારતીય છું એ જાણવા છતાં એક વાર પણ એણે પોતાના શારીરિક માતા-પિતાનો ઉલ્લેખ કર્યો નહોતો. મને લાગે છે કે આટલા ઈશારામાં મારો જે મત છે તે આવી જાય છે કે તેને ન મળવાનો આગ્રહ રાખવો એમાં જ ડહાપણ છે. આમ છતાં આપ જે પ્રમાણે સૂચના આપશો તે પ્રમાણે વર્તીશ, અને હા, બીજી પણ એક ઓફર કરું છું કે કુંતીબહેનને આ બધું જાણ્યા છતાં પણ અહીં આવવું હશે તો સ્પોન્સર લેટર હું મોકલીશ; એટલું જ નહીં, એ ખુશીથી મારાં મહેમાન પણ બની શકશે. જોકે એલનનું આવું વર્તન જોયા પછી તેની મુલાકાત કરવાનો પ્રયત્ન કરવાનો કોઈ અર્થ મને લાગતો નથી. એક તો કોઈને ન મળવાની ઇચ્છા હોય અને છતાં બળજબરીથી મળવું તેમાં કોઈ સ્વાદ નથી - ને બીજું બનવાજોગ છે કે જો એલન એમનું અપમાન કરી નાખે તો એમનું હૃદય બેસી જાય. સ્ત્રીઓનાં હૃદય કોમળ હોય છે અને ખાસ કરીને આપણી ભારતીય સ્ત્રીઓનાં, એટલે વગર માગ્યે હું આટલી સલાહ આપું છું. પછી જેવો આપનો આદેશ.

લિ. આપનો ધીરેન ગાંધી.''

પત્ર પૂરો થયો અને નીચે સાવ કોરી જગ્યા. ઘડીભર કુંતીને લાગ્યું કે એક સન્નાટો કાગળની સફેદી બનીને તેની આંખો સામે પથરાઈ રહ્યો છે, કઠોર વાસ્તવિકતા અને લાગણીવેડા વચ્ચે યુદ્ધવિરામનો સન્નાટો! હવે શું કરવાનું હતું? ફરી શસ્ત્રો ઉઠાવીને આગળ વધવાનું હતું કે શરણાગતિ સ્વીકારી લેવાની હતી?

અર્જુનનું નાવ અત્યારે ખરાબે ચડ્યું હતું એને સંભાળવું? પિતાની સ્થિતિ મણિભદ્રને ઘેર દિન-બ-દિન કફોડી બનતી જતી હતી તેમાંથી એમને ઉગારવા?

શું કરવું? કયા મોરચે લડવું? અહીંની વાસ્તવિક જિંદગીના મોરચે બરાબર

## અમો હૃદયથી આભારી છીએ

☛ **કોમ્પ્યુટર સર્વિસ** : રક્ષાબેન કીર્તિભાઈ (કોટડા) ★ ટ્રાયકોર્ન સિસ્ટમવાળા (દાદર)
☛ **સંસ્થાને લાગનારા સ્ટીકર** : ડાયમંડ સ્ટીકરવાળા દિનેશભાઈ ગોગરી (બિદડા)
☛ **બેનર અને એડર્વટાઈઝમેન્ટ** : ૧) બેનર હાઉસ - નરેશ દેઢિયા
૨) વિક્ટોરિયા ડિઝીટલ-જીતુભાઈ નાગડા (મોથારા)
☛ **ડાયરીઓ** : ગુડલક બુક ઈન્ડસ્ટ્રીઝ - વિસનજીભાઈ હંસરાજ દેઢિયા (ગઢસીસા)

મનોયોગપૂર્વક લડી શકાય તે માટે કર્ણને મળવાની લાલસા છોડી દેવી? ધીરેન ગાંધીના પત્રનો ધ્વનિ એ જ હતો અને એ જ હતી અર્ધે રસ્તે પહોંચી ગયેલા જીવતરની માગ.

ધાર કે કુંતી, તું સ્વિડન જાય અને ભલે ધીરેન ગાંધીની મહેમાન બને, પણ કર્ણ સાથેનું મિલન શક્ય જ ન બને તો? તને જોતાંવેંત એ ઘરના દરવાજા બંધ કરી દે તો? એ બંધ બારણા ઉપર માથું પટકીને પાછા આવવા માટે ત્રીસ-પાંત્રીસ હજારની જીવનભરની બચત ઉપર પૂળો મૂકી દેવાનો?

કુંતી આમ વિચારી રહી હતી; પણ એ સાથે જ એનાથીય પ્રબળ એવો વિરોધ એ વિચારોની સામે ઊઠતો હતો.

થોડી વારે હિંમત બહારથી આવ્યો. એણે મૂંગાં-મૂંગાં એની થાળી પીરસી અને પછી પેલો પત્ર એના હાથમાં મૂક્યો.

''કેમ?'' હિંમતે પૂછ્યુંઃ ''મેં તો એ વાંચેલો જ છે. હવે તો હું માત્ર તારો નિર્ણય જાણવા જ માગું છું.''

''મારો નિર્ણય?'' કુંતીએ એને તાગી જોવા માટે કહ્યુંઃ ''મારો નિર્ણય શું હોય?'' ધીરેનભાઈના આ પત્રથી જૂની કુંતી મરી જાય છે... નવી જન્મ લે છે; એવી કુંતી જેણે તમારી પત્ની તરીકેની જવાબદારી નિભાવવાની છે; તમારી કમાણીની પઈએ-પઈને જાળવવાની છે; અર્જુનનું ભવિષ્ય સુધારવાનું છે; એને માટે બે પૈસા ભેગા કરીને જુદા કાઢી મૂકવાના છે. હવે તો...'' એણે હૃદય પર ભારે પથ્થર મૂકીને કહ્યુંઃ ''હવે તો કર્ણ નામની કોઈ હસ્તી જ નથી હિંમત! મિસ્ટર એલન ઓલીવર જીમ્બર્ગ નામનો એક પુખ્ત વયનો સ્વિડિશ નાગરિક જ જીવે છે, જે ત્યાં રહ્યે રહ્યે જ મને ધિક્કારે છે.''

જમતાં-જમતાં હિંમત ઊભો થઈ ગયો. ચોકડીમાં જઈને એણે હાથ ધોઈ નાખ્યા. એનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. જરા તપેલા અવાજમાં એ બોલ્યોઃ ''તું ગાંડી તો નથી થઈ ગઈ કુંતી? કેવી વાત કરે છે તું? એક મા થઈને દીકરાની મનોમન હત્યા કરે છે! જરાય દયા નથી આવતી?''

આ પુસ્તક વાંચી લીધા પછી **પસ્તીમાં** નાંખી ન દેતાં તમારા કુટુંબમાં કે મિત્રોમાં ફરતું રહે અને **કેન્સરના** દર્દીઓ માટે **હુંફનું કવચ** બનવા અનુમોદન અર્થે ફેલાવો કરતાં રહો એવી અનુમોદના.

કુંતી કંઈ બોલી નહીં, એની સામે જોઈ રહી.

''અરે...'' હિંમતના મોં પર અકળામણ તરવરી ઊઠીઃ ''આ કાગળમાં ગમે તે લખ્યું હોય મૂરખ... પણ આ કાગળ તો સ્વિડનના કિલ્લામાં તારા માટે પડેલું એક મોટું છીંડું છે. બાકી રૂપિયાની ચિંતા કરતી હોય તો...'' એ બોલ્યોઃ ''આજે જ મેં મારા પ્રોવિડન્ટ ફંડમાંથી પચ્ચીસ હજારની ઉપાડ કરવા માટેની અરજી કરી છે. આખરે રૂપિયા છે કોના માટે? આપણી કાલની સલામતી માટે થોડા જ છે? અરે એ તો આજની આપણા મનની શાંતિ માટે છે. એમાં શું? મારે એમાં કોઈનેય પૂછવાની જરૂર નથી, અર્જુનને પણ નહીં!''

''સાચ્ચેસાચ્ચ?'' કુંતી એકદમ ભાવવિહ્વળ થઈ ગઈઃ ''સાચ્ચે જ હિંમત? તમે સાચ્ચે જ આવું માનો છો? તો...''

એ ઊભી થઈને તૈયાર થવા માંડીઃ ''ચાલો, આપણે અત્યારે જ સ્વામીજી પાસે જઈએ અને કહીએ કે ધીરેનભાઈને લખીને જલદી આપણું સ્વિડન જવાનું ગોઠવો. મારે મારાં...'' એની આંખમાં ઝીણાં મીઠાં સ્પંદનોની છાંટણી આવી ગઈઃ ''મારે મારાં દીકરા-વહુને પોખવાં છે. જોઉં તો ખરી, કેવો છે મારો બેટો અને કેવી છે મારા બેટાની બૈયર!'' *(ક્રમશઃ)* ■


## સિંધવ મીઠું : આરોગ્યપ્રદ મીઠું

સમુદ્રી સફેદ મીઠા કરતાં પહાડી સફેદ મીઠામાં અનેક ઔષધિ ગુણો છે. સફેદ સમુદ્રી મીઠું જે આપણે રોજિંદા આહારમાં વાપરીએ છીએ, જે હાઈબ્લડપ્રેશર અને એને લગતી અનેક વ્યાધિઓને નોતરે છે. કેન્સર જેવી ઘણી બિમારીઓમાં જ્યારે સાદું મીઠું ખાવાની મનાઈ હોય છે અને વૈષ્ણવ લોકોના ઉપવાસમાં જ્યાં સાદું મીઠું વપરાતું નથી ત્યાં દરેક જગ્યાએ પહાડી સિંધવ મીઠું વપરાય છે.

**દર્દીઓના લાભાર્થે સિંધવ મીઠું - ૫૦/- રૂા. કિલો**

**ગાયનું શુદ્ધ ઘી ૬૫૦/- રૂા. કિલો**

**કાચી ઘાણીનું શિંગતેલ - ૩૦૦/- રૂા. કિલો**

**'જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ'** માંથી દરેક વ્યક્તિઓને મળી શકશે.
ફક્ત વાપરનાર વ્યક્તિઓ જ આ યોજનાનો લાભ લે. સમય : (૧૧ થી ૫) (રવિવાર બંધ)
સરનામું : ૫/૬, કોંડાજી ચાલ, જેરબાઈ વાડિયા રોડ, ટાટા હોસ્પિટલની બાજુમાં, પરેલ, મુંબઈ-૧૨.
ટેલી : ૯૮૬૯૨૦૬૪૦૦.

## આપણા તહેવારો

# કોકિલા વ્રત

કોકિલા વ્રત એ હિન્દુ ધર્મમાં મહિલાઓ દ્વારા આચરણમાં લેવાતું એક વિશેષ અને કઠિન એકમાસિક વ્રત છે. આ વ્રત અષાઢ સુદ પૂનમથી શરૂ થઈ શ્રાવણ સુદ પૂનમ સુધી ચાલે છે. સૌભાગ્યની પ્રાપ્તિ, અખંડ સૌભાગ્ય અને ભગવાન શિવ-પાર્વતીની કૃપા મેળવવા આ વ્રતનું ખૂબ મહત્ત્વ છે.

પૂજન વિધિમાં દરરોજ સવારે સ્નાન કર્યા પછી કોયલ (માતા પાર્વતી)ની પૂજા કરવામાં આવે છે. જળમાં સફેદ તલ અને આંમળા ઉમેરીને સ્નાન કરવાનું વિધાન છે.

આ વ્રતમાં સ્ત્રીઓએ જમીન પર સૂવાનું હોય છે, બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય અને માત્ર ફળાહાર અથવા એકટાણું કરવાનું હોય છે. આ વ્રત સળંગ ત્રણ વર્ષ સુધી કરવામાં આવે છે, ને ત્રીજા વર્ષે પૂનમના દિવસે વિધિવ્રત ઉથાપન - સમાપન કરી બ્રાહ્મણોને અને સુહાગણોને દાન-દક્ષિણા આપવામાં આવે છે.

ધાર્મિક માન્યતા અનુસાર માતા પાર્વતીએ ભગવાન શિવને પતિ તરીકે મેળવવા આ વ્રત કર્યું હતું. આ વ્રત સૌભાગ્યમાં વૃદ્ધિ, પાપોનો નાશ અને પરિવારમાં સુખશાંતિ લાવનારું માનવામાં આવે છે. ■

**પ્રિય વાચકો,** આપે આપનું લવાજમ ન ભર્યું હોય તો વાર્ષિક (રૂા.૨૦૧/-) કે આજીવન (રૂા.૨૦૦૧/-) લવાજમ ભરી સંસ્થાને સહાયભૂત થાઓ. જો આપની પાસે બે કોપી આવતી હોય તો સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી જણાવશો.
**મોબાઈલ નં. ૯૮૬૯૨૦૬૪૦૦/૯૦૭૬૧૬૯૩૫૫**
**'જીવનપથ' માસિક ગુજરાતી, હિંદી અને અંગ્રેજી - ત્રણ ભાષામાં પ્રકાશિત થાય છે.**
**જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ** - ૫/૬, કોંડાજી ચાલ, ટાટા હૉસ્પિટલની પાસે, જેરબાઈ વાડિયા રોડ, પરેલ, મુંબઈ-૧૨.

બાળકેકારવ

# બળ કરતા કળે કામ કર્યું

એક જંગલ હતું. જંગલ હતું એટલે સ્વાભાવિક છે કે અનેક પ્રાણીઓ પણ તેમાં હોય જેવાં કે હરણ, વરુઓ, વાંદરાંઓ, હાથીઓ, શિયાળો વગેરે અને જંગલનો રાજા સિંહ પણ.

આ જંગલમાં એક હાથીને ઘમંડ થયું કે પોતે સહુથી બળવાન છે, એક ઝાટકે સૂંઢથી મારી નાખું, પગે કચડી નાંખુ કે સૂંઢથી ઝાડને પણ ઉખેડી નાખું. હા, હાથી આમ બળવાન તો ખરો પરંતુ પોતાનું બળ કોઈને રંજાડવા માટે ન હોવું જોઈએ. પણ મદ ભર્યો હાથી હવે નાનાં મોટાં મોટાં પ્રાણીઓને ખૂબ જ રંજાડવા માંડ્યો. કોઈને ઉલાળીને પછાડે, કોઈને સૂંઢમાં લઈને ગોળ ગોળ ફેરવીને ફેંકે. બધા પ્રાણીઓએ હાથીભાઈને વિનંતિ કરે કે તમે સુખ શાંતિથી રહો અને અમને રહેવા દો, પ્રાણીઓ આજીજી પણ કરે પરંતુ એ ઘમંડી હાથીભાઈ તો કંઈ જ કાને ન ધરે...

આમ કરતાં, હવે સર્વે પ્રાણીઓએ જંગલના રાજા સિંહને એ હાથીભાઈ વિશે ફરિયાદ કરી. પોતાની આપવીતી જણાવી આથી સિંહે એ હાથીભાઈને બોલાવીને આવો આંતક ન ફેલાવવા હુકમ કર્યો. પરંતુ હાથીભાઈ ન જ માન્યા તે ન જ માન્યા...

આમ હાથીભાઈનો ત્રાસ ચાલુ રહ્યો એટલે સિંહરાજાએ એક સભા ભરી જેમાં જંગલના નાના મોટા પ્રાણીઓ ઉપસ્થિત રહ્યાં. તેમાં કીડીઓ, મંકોડાઓ, પતંગિયાંઓ પણ ઉપસ્થિત રહ્યા અને પેલા ઘમંડી હાથીભાઈને પણ ખાસ ઉપસ્થિત રહેવા ફરમાન કરવામાં આવ્યું અને એ પણ એ સભામાં ઉપસ્થિત રહ્યો.

હવે, સિંહ રાજાએ પેલા હાથીભાઈની રંજાડની વાત સર્વેને કરી અને જાહેર કર્યું કે આ બળવાન-શક્તિશાળી હાથીની જે શાન ઠેકાણે લાવીને તેને પાઠ ભણાવીને શાંત કરશે તેને મોટું ઈનામ આપવામાં આવશે. આ સાંભળીને સર્વે પ્રાણીઓ તો એ હાથીભાઈ પાસે હિંમત હારી જ ગયેલાં ત્યારે એ ભરી સભામાં

એક કીડી ઊભી થઈ અને તેણે જાહેર કર્યું કે રાજનશ્રી આ બળવાન-શક્તિશાળી ઘમંડી હાથીભાઈને હું પાઠ ભણાવીને કળથી એક એવું કામ કરીશ કે તેમની શાન ઠેકાણે લાવી દઈશ અને ત્યારબાદ એ સર્વે સાથે શાંતિથી રહેવા લાગશે!! આ સાંભળી સહુ તો હસવા માંડ્યાં કે અરે! કીડી તું તો સાવ નાની - અમે મોટાં મોટાં પણ તેમની સામે હારી ગયા છીએ ત્યારે તું શું કરી શકવાની? આ હાથીભાઈ સૂંઢથી એક ફૂંક મારશે તો તું ક્યાં ઊડી ગઈ હશે એ પણ શોધી નહીં શોધાય... પગે કચડી નાંખશે તો તું દેખાશે પણ નહીં, વળી, આ સાથે હાથીભાઈ પણ ઘુરક્યા.... એય કીડી વગર વિચારે બોલ માં. તારી કાયા અને શક્તિ તો જો તું તો મગતરું છે, મને શું કરી શકવાની? પેલા હાથીભાઈએ અટ્ટહાસ્ય કર્યું, પરંતુ કીડીની મક્કમતા જોતા સિંહે કીડીની વાત સ્વીકારી.

આમ કરતાં, એક દિવસ બપોરે એ હાથી ખાઈ-પીને એક વૃક્ષ નીચે આરામ ફરમાવી રહ્યો હતો ત્યારે પેલી કીડી પાછળથી ધીરે ધીરે એ હાથી ભાઈ ઉપર ચડીને તેના કાનમાં ઘૂસી ગઈ અને ઝીણા ઝીણા ચટકાઓ ભરવા લાગી! હાથીભાઈને એનું દર્દ થવા લાગ્યું અને ચટકાઓ સહન થતા નહોતા - કાન હલાવે, બંધ કરે, ડોકુ ધુણાવે પણ પેલી કીડી ચટકાઓ બંધ ન કરે અને હાથીભાઈનું દર્દ દૂર ન થાય... આખરે, હાથીભાઈએ કહ્યું એય કીડી બહાર નીકળ, ચટકા બંધ કર... કીડી ન માની. હવે, હાથીભાઈથી ચટકા સહન થતા નહોતા તેઓ કીડીને બહાર નીકળી જવા વિનંતી કરી, આજીજી કરી ત્યારે કીડીએ કહ્યું, ''જુઓ, હાથીભાઈ તમે હવે તમારો ઘમંડ છોડો, બળનો સારો ઉપયોગ કરો અને સહુ પ્રાણીઓ સાથે શાંતિથી રહો - મને વચન આપો તો બહાર નીકળું... એ બળવાન ઘમંડી હાથીભાઈએ શરણાગતિ સ્વીકારીને કીડીના કહ્યા મુજબનું વચન આપ્યું જે ત્યારબાદ પાળ્યું. કીડી બહાર નીકળી એ હાથીભાઈને અભિનંદન આપ્યા.

આમ બળ સામે કળ જિંદગીમાં ઘણીવાર સાર્થક થાય, માત્ર વિચારશક્તિ બળવાન હોવી જોઈએ. ■

જેને પોતાનું મૂલ્ય નથી ખબર, તેને દુનિયા કોઈ મૂલ્ય આપતી નથી.

# પરિણીત પુત્રીના જીવનમાં માતાનું માર્ગદર્શન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**- હેમાબેન વીરા (બેરાજા)**

પુત્રી જ્યારે પુત્રવધુ બને છે ત્યારે તેની ચંચળ, મસ્તીભર્યો સ્વભાવ ખૂબજ ગંભીર બની જાય છે. ચોરીના ચાર ફેરા ફરતા જ લાડકવાયી સાસરિયા સાથે આત્મિયતાથી બંધાઈ નથી જતી પણ, હા આ ચાર ફેરા તેને તેના પિતાના ઘરેથી પારકી બનાવી દે છે. આવા સમયે માતાની ભૂમિકા મહત્વની બની રહે છે, પુત્રીના વિકાસમાં માતાનો સિંહફાળો હોય છે. માતા તેની જરૂરિયાતો, દુઃખ-દર્દ, લાગણીઓ તથા ઘણી બાબતો સારી રીતે સમજતી હોય છે. એક માત્ર માતા જ પોતાના અનુભવો અને સંસ્કાર દ્વારા પુત્રીના વિચારો અને વ્યક્તિત્વને પુષ્ટ કરી શકે છે. તેથી તેનું ભવિષ્ય સુખ અને સમૃદ્ધિથી ભરપૂર રહે.

દરેક સ્ત્રી ભલે ગમે તેટલી સબળા કેમ ન હોય તેને એક માનમર્યાદા જાળવવાની હોય છે. માતા જ પોતાની પુત્રીને માન મર્યાદા -ઉચ્ચ-નીચ્ચ કે સાચા ખોટાની સમજ આપી શકે છે. માતા પુત્રીનો સંબંધ મમતા, પ્રેમ અને વાત્સલ્યનું રૂપ વટાવે છે ઉપરાંત તેમાં જવાબદારી પણ વણાયેલી હોય છે. માતાએ જ પોતાની પુત્રીને તેની જવાબદારી તથા સામાજીક રીત રિવાજથી વાકેફ કરવી જોઈએ.

જ્યારે દીકરી વહુ બનીને સાસરિયે ગૃહ પ્રવેશ કરે છે ત્યારે તેની પાસેથી પરિવારની દરેક વ્યક્તિ કોઈ ને કોઈ અપેક્ષા રાખતી હોય છે. પતિ, સાસુ-સસરા, નણંદ, દિયર બધા જ નવી નવી વહુ પાસેથી કઇંક આશા અને અપેક્ષા રાખતા હોય છે. તેથી માતાએ નાનપણથી ભાવનાઓનું મૂલ્ય સમજાવવું જોઈએ. જો માતા આ સમજ દીકરીને આપે તો તે સાસરિયામાં પ્રેમથી રહે છે અને બધાની લાડકી બને છે.

જન્મથી લઈને સાસરે વિદાય કરવામાં આવે ત્યાં સુધી માતા જ દીકરીનું ધ્યાન રાખતી હોય છે. માતા-પુત્રી એક-બીજાના સુખ-દુઃખના સાથીદાર હોય છે પણ દીકરીના લગ્ન થતાં જ આ વાત પર ‘સ્ટોપ’ આવી જાય છે. સંજોગાવસાત્ માતા-દીકરી એક બીજાથી દૂર થઈ જાય છે. માતા ઈચ્છે છે કે દીકરી પહેલાની જેમ જ તેની વાત સાંભળે અને મહત્વ આપે. કેટલીક જગ્યાએ દીકરી લગ્ન બાદ પણ માતાનો પાલવ પકડીને ચાલતી હોય તો સાસરિયા નારાજ થાય છે, આવી પરિસ્થિતિમાં માતાની ભૂમિકા થોડી કસોટીકારક બને છે. તેને દીકરીની લાગણીઓનું ધ્યાન રાખવા સાથે તેના સાસરિયાની સ્થિતિ પણ સમજવી પડે છે. સમજદાર માતા, પુત્રીના લગ્ન નક્કી થતાં જ તેને માનસિક રીતે તૈયાર કરે છે.

કેટલીક માતાઓને દીકરી માટે એટલો બધો મોહ હોય છે કે તે માલિકી ભાવ ધરાવતી હોય છે, કે લગ્ન બાદ પણ તેના જીવનમાં દખલગીરી કરતી રહે છે. તેઓ દીકરીને સાસરે પોતાનો હક જમાવવા લાગે છે, તેના ઘરની પ્રત્યેક નાની-મોટી વાતમાં દખલગીરી કરે છે. પરંતુ યાદ રાખો દીકરી સંયુક્ત પરિવારમાં રહેતી હોય કે પતિ સાથે એકલી રહેતી હોય ત્યાં દખલગીરી કરવી યોગ્ય નથી. કોઈપણ કુટુંબમાં બહારની વ્યક્તિની દખલગીરી ચલાવી લેવાતી નથી. માતાએ દીકરીને પોતાના પરિવારના સંજોગોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની સલાહ આપવી જોઈએ.

દરેક કુટુંબમાં ચોક્કસ રીત રિવાજ હોય છે. અંતે તેનું પાલન તે ઘરની પુત્રવધુ બનેલી દીકરીએ પણ કરવાનું હોય છે. કેટલાક રિવાજ એકદમ અલગ હોવાથી તે દીકરીને ઠીક ન લાગે પરંતુ પારિવારિક પરંપરાને એક ઝટકે તોડી ન શકાય એટલે તેને સ્વીકારવાની સમજ દીકરીને આપવી જોઈએ. સેવા, ત્યાગ અને પ્રેમથી ઘણી બાબતો જરૂર બદલી શકાય પણ તેની શરૂઆત ધીમે ધીમે થાય. લગ્ન બાદ શરૂઆતનો થોડો સમય તો ઘરમાં જે કંઈ ચાલતુ હોય તેને

તે જ સ્વરૂપમાં અપનાવવું જોઈએ એવી શિખામણ માતાએ દીકરીને જરૂર આપવી જોઈએ. જો દીકરી ને જમાઈ વચ્ચે કોઈ બાબતે મતભેદ સર્જાય તો જમાઈને કંઈ પણ કહેવા કરતા દીકરીને સમજાવવી ઉચિત છે.

દીકરીના સુખી કૌટુંબિક જીવન માટે માતાએ તેના લગ્નબાદ તેનો મોહ ઓછો કરી નાખવો. દીકરીને ક્યારેય ખોટી સલાહ આપવી નહિ તે જ પ્રમાણે સાસરિયાઓની ક્યારેય અવગણના કરવી નહિ. જો દીકરી પોતાના કુટુંબીજનોની ફરિયાદ કરે તો તેની વાત ધ્યાનથી સાંભળી અને પછી નિષ્પક્ષ બનીને તેને યોગ્ય સલાહ આપવી. ઘણી વખત અત્યંત સાધારણ બાબતોને લીધે સંબંધ ખરાબ થઈ જાય છે. આથી દરેક માતાએ હંમેશા નાની-નાની વાતોને મહત્વ ન આપવું અને સાચો દ્રષ્ટિકોણ રાખવો જોઈએ.

ઘણીવાર લાડકોડમાં ઉછરેલી દીકરી સાસરે જઈ રાઈનો પહાડ બનાવી દેતી હોય છે. દીકરીને પોતાના જીવનનો દાખલો આપી માતાએ વસ્તુ સ્થિતિને તટસ્થ રીતે સમજાવવી જોઈએ. દરેક માતાએ પોતાની દીકરીની નબળાઈઓને દૂર કરી તેની આવડતને યોગ્ય દિશામાં વાળવી જોઈએ. તેના ગુણોને નિખારવા સાથે તેને વ્યવહારિક જ્ઞાન પણ આપવું જોઈએ. સામાજીક રીત રિવાજોથી તેને અવગત કરાવવી જોઈએ. બાળકોને માતા-પિતાના સંસ્કાર વારસામાં મળે છે એટલે દરેક માતાએ વ્યવહારમાં અત્યંત સજાગ રહેવું જોઈએ.

દીકરીને વિદાય આપતા પહેલા તેના હૃદયમાં પતિની સાથે તેના કુટુંબીજનો માટે પ્રેમ અને પોતીકાપણાની ભાવના જાગૃત કરો. તેને સારા સંસ્કાર, વિનમ્રતા અને સદ્ગુણોની ભેટ આપો. તેને બધા જ કામ શીખવો, તેને આત્મનિર્ભર બનવા સાથે આત્મવિશ્વાસથી સભર બનાવો. ન્યાયનો સાથ આપવાની અને અન્યાયનો વિરોધ કરવાની શિખામણ આપવી. દીકરી સાસરામાં સારી રીતે સ્થિર થઈ શકે તે માટે પ્રયત્ન કરવો. વાર- તહેવારે અને શુભ પ્રસંગે દીકરી-જમાઈને ઘરે

આમંત્રણ આપો.

દીકરીને પૂરતો સહયોગ આપો જેથી જરૂર પડે તો તે નિરાશ થવાને બદલે સીધી તમારી પાસે આવી શકે... લગ્ન વખતે કરિયાવરની સાથે થોડા રૂપિયા પણ દીકરીના નામે મૂકવા, જેથી જરૂર પડે તો તે તેનો ઉપયોગ કરી શકે. પ્રત્યેક માતા આટલી વાતો ધ્યાનમાં રાખે તો જરૂર તેની દીકરીનું જીવન સુખમય બને.

દીકરી વહાલનો દરિયો હોય છે. માતા અને પુત્રી વચ્ચેના અટૂટ સંબંધને શબ્દોમાં વ્યક્ત કરવા મુશ્કેલ છે. દીકરી હંમેશા માતાની પ્રતિકૃતિ હોય છે. તેનો સ્વભાવ, બોલચાલ બધું જ માતાને મળતું આવે છે. દીકરી મોટી થતા જ તે માતાની સખી બનીને તેના સુખ દુઃખમાં ભાગીદાર બને છે. જો કે એક દિવસ તો આ લાડકવાયીને પારકે ઘરે વળાવાની જ હોય છે અને આ વાત પળે પળે માતૃહૃદયને રડાવતી હોય છે તે પણ સાચું ને.... ■

## કેન્સરની ભયાનકતા સામે હૂંફનું કવચ...

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ❖ હીરજી રતનશી છેડા | | થાણા | ૧૧,૦૦૦/- |
| ❖ શીલા વી. સંપત | | વડાલા | ૧૦,૦૦૦/- |
| ❖ સ્વ. કલ્પનાબેન વસંતલાલ શાહના આત્મશ્રેયાર્થે | ગઢસીસા | ઘાટકોપર | ૧૦,૦૦૦/- |
| ❖ સ્વ. શાંતાબેન મોહનલાલ અને મોહનલાલ શાહની પુણ્યસ્મૃતિ નિ. હ. મીના ચંદેરિયા | | ચેમ્બુર | ૫,૦૦૦/- |
| ❖ મંજુલા કિશોર શાહની પુણ્યતિથિ નિ. હ. ડૉ. દિનેશ જે. શાહ | | દહિંસર | ૫,૦૦૦/- |
| ❖ ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૪,૦૦૦/- |
| ❖ સ્વ. લખમશી પુંજા ચંદેરિયાની પુણ્યસ્મૃતિ નિ. હ. મહેન્દ્ર ચંદેરિયા | | ચેમ્બુર | ૨,૫૦૦/- |
| ❖ ઝવેરચંદ રવજી ગડા | | કલ્યાણ | ૫૦૦/- |

## ગત મહિનામાં સંસ્થાએ કરેલ પ્રવૃત્તિનો ચિત્તાર

- અન્નક્ષેત્રે ભોજનના ૨૩ કાર્ડ અને હલ્દી દૂધના ૪ કાર્ડ બનાવી આપ્યા.
- ૧૪૬ કેન્સરગ્રસ્ત દર્દીઓના પરિવારોમાં અનાજ વિતરણ કરવામાં આવ્યું.
- પ્રતિદિન ૧૦૧૦ દર્દીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું.
- ૩ દર્દીઓને બ્લડ માટે સહાય કરવામાં આવી.
- ૪ દર્દીઓને રહેવાની સગવડ કરી આપવામાં આવી.
- ૩ દર્દીઓને અલગ અલગ ટ્રસ્ટમાં સારવાર માટે અપીલ લેટર બનાવી આપવામાં આવ્યા અને અન્ય સંસ્થાઓમાંથી સારો એવો પ્રતિસાદ મળ્યો.
- કેન્સરના દર્દીઓને રૂ. ૬,૮૩,૨૨૦/-ની દવા લઈ આપવામાં આવી.
- અન્ય દર્દીઓને રૂ. ૩,૧૧,૨૫૦/-ની દવાઓ આપવામાં આવી.
- મુંબઈમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર અકસ્માત નડતા ૫૧ પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા.
- રૂા. ૪,૬૩,૫૦૦/- રૂપિયાની દવાઓ અબોલ પ્રાણીઓ માટે વાપરવામાં આવી.
- અપંગ વ્યક્તિઓને ૨ વૉકર, ૧ વૉકિંગ સ્ટીક, ૩ કમોડચેર, ૫ વ્હિલચેર, ૨ પલંગ, ૨ ઓક્સિજન મશીન અને ૪ ઓક્સિજનના બાટલા આપવામાં આવ્યા.
- ૬ વ્યક્તિઓને કેન્સર જણાતા એમની ફાઈલ બનાવી આપવામાં આવી.
- ૧૬ દર્દીઓએ ફ્રી એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો.
- ૪ દર્દીઓને કોલોસ્ટોમી બેગ રાહતના દરે આપવામાં આવી.
- ૧ લાવારિશ કેન્સરગ્રસ્ત દર્દીની કફન-દફન વિધિ કરવામાં આવી.
- રસ્તામાં બેહાલ સ્થિતિમાં પડી રહેલા ૩ વ્યક્તિઓને વૃધ્ધાશ્રમમાં ભરતી કરવામાં આવી.

❖ ❖ ❖

માઝા મુકતી મોંઘવારી, અસહ્ય બનતી સારવાર, કપરી પરિસ્થિતિમાં ગરીબી અને બે છેડા ભેગા કરવા મુશ્કેલ હોય છે. એવી પરિસ્થિતિમાં આપ દિલેર દાતા રણમાં વીરડી સમાન લાગો છો. અહીં આપેલ પ્રવૃત્તિઓમાં સાથ સહકાર આપવા વિનંતી :

| | |
|---|---|
| જમાડવાનો એક દિવસનો ખર્ચ | ₹ ૨૫,૦૦૦/- |
| અનાજનો એક દિવસનો ખર્ચ | ₹ ૨,૫૦૦/- |
| કેન્સર સારવાર | ₹ ૨૫,૦૦૦/- |
| દવા માટે | ₹ ૧૦,૦૦૦/- |
| કેમોથેરેપી સારવાર માટે | ₹ ૪૦,૦૦૦/- |
| વ્હિલચેર | ₹ ૬,૫૦૦/- |
| કાખઘોડી | ₹ ૬૦૦/- |
| વોકર | ₹ ૧,૨૦૦/- |
| કાનનું મશીન | દાતાના સહાયથી |
| એમ્બ્યુલન્સ | ₹ ૧,૦૦૦/- |

જે વ્યક્તિ અન્યની મદદ કરે છે, તે જ સૌથી મોટો ધનવાન છે.

જાણકારી

# નવી નવાઈ પણ જાણવા જેવું

નવાપુર ગામ ગુજરાત અને મહારાષ્ટ્રની સીમા પર છે એટલે ત્યાં જે ૮૦૦ મીટરનું રેલવે પ્લેટફોર્મ છે એમાંથી ૫૦૦ મીટર ગુજરાતમાં છે અને ૩૦૦ મીટર મહારાષ્ટ્રમાં છે.

ત્યાં જે ટિકિટબારી છે, પોલીસ સ્ટેશન છે એ મહારાષ્ટ્રમાં છે તો સ્ટેશન માસ્તરની કચેરી, માહિતી કેન્દ્ર આરામકક્ષ (વેઈટીંગ રૂમ) અને ટોઈલેટ બધું ગુજરાતમાં છે.

એટલું જ નહીં સ્ટેશન પર જે જાહેરાત (એનાઉન્સમેન્ટ) કરવામાં આવે છે એ ચાર ભાષામાં થાય છે. ગુજરાતી, મરાઠી, અંગ્રેજી અને હિન્દી. એ પણ તો કંઈ જ નથી પણ જો ત્યાં કંઈ અજુગતી ઘટના ઘડાય તો પોલીસને એ પ્રશ્ન થાય કે માણસ ઝઘડો કરે છે પણ એ ગુજરાતમાં છે કે મહારાષ્ટ્રમાં?

રેલવે સ્ટેશન પર એક બાંકડો છે - જે અડધો ગુજરાતમાં અને અડધો મહારાષ્ટ્રમાં છે. આ બાંકડાની ગુજરાત બાજુ પર બેસીને તમાકુ-ગુટખા ખાઈ શકાય છે પણ દારૂ પીવાની વર્જીત છે ત્યારે જો બીજી બાજુ બેસો તો દારૂ પીવાની છૂટ છે પણ તમાકુ કે ગુટખા ખાઈ શકાતા નથી કારણ કે એ મહારાષ્ટ્ર રાજ્યમાં છે.

આપણા દેશનો એક નારો છે - 'એક રાષ્ટ્ર એક કાયદો'

પણ આ એક અજબ જ વાત છે કે નહીં? ■

**બુદ્ધિ હોય તો વટથી જીવી શકાય,**
**સંપત્તિ હોય તો અભિમાનથી જીવી શકાય,**
**સત્તા હોય તો ગર્વથી જીવી શકાય,**
**પણ પ્રસન્નતાથી જીવવું હોય તો,**
**પ્રેમ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.**

## બિપિનભાઈ દાણી (હરસોલ) એકતા પરિવાર (I.G.) માટુંગાની પ્રેરણાથી કેન્સરગ્રસ્ત દર્દીઓના લાભાર્થે

| નામ | એરીયા | યોજના | રૂપિયા |
|---|---|---|---|
| ☛ સ્વ. અરવિંદભાઈ વલ્લભદાસ સોનેચાના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હંસાબેન અરવિંદભાઈ સોનેચા પરિવાર | કાંદિવલી | દવા | ૨,૦૦૦/- |
| ☛ ઈન્દ્રવદન એન. શાહની પુણ્યતિથિ નિ. | | | |
| હ. મનોરમાબેન ઈન્દ્રવદન શાહ | માટુંગા | જીવદયા | ૨,૦૦૦/- |
| ☛ સ્વ. મહેન્દ્રભાઈ મણિલાલ ગાંધી (લિંબોદ્રા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. અલ્પાબેન અલ્પેશ ગાંધી | બોરીવલી | દવા | ૧,૨૦૦/- |
| ☛ સ્વ. ઈન્દુમતી મહેન્દ્રભાઈ ગાંધી (લિંબોદ્રા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. બીના સંજય ગાંધી | બોરીવલી | જીવદયા | ૧,૨૦૦/- |
| ☛ સ્વ. નટવરલાલ બુલાખીદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. મંજુલાબેન નટવરલાલ શાહ પરિવાર | કાંદિવલી | જીવદયા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. કાંતિલાલ નગીનદાસ શાહ (હરસોલ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. કાંતિલાલ નગીનદાસ શાહ પરિવાર | ભાયંદર | દવા | ૧,૦૦૦/- |
| ☛ સ્વ. સરસ્વતીબેન રસિકલાલ શાહ (ઉનાવા)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. પલ્લવી શિરીષ શાહ | સાયન | જીવદયા | ૫૦૦/- |
| ☛ સ્વ. કમળાબેન અને સ્વ. બેચરદાસ દોશીના આત્મશ્રેયાર્થે | | | |
| હ. દિલીપ બી. દોશી | મુલુંડ | દવા | ૫૦૦/- |
| ☛ સ્વ. શારદાબેન અને સ્વ. ચિમનલાલ સાકળચંદ શાહ (ઉવારસદ)ના આત્મશ્રેયાર્થે | | | |
| હ. હેમા પ્રદિપ શાહ | પૂના | જીવદયા | ૫૦૦/- |

સુખી રહેવા માટે આપણને બહુ ઓછી વસ્તુઓની જરૂર હોય છે.

**પ્રવાસ વર્ણન**

# શ્રી તખ્તેશ્વર મહાદેવ

શ્રી તખ્તેશ્વર મહાદેવ એ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યમાંના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ભાવનગર જિલ્લાના મુખ્ય મથક ભાવનગર શહેરની મધ્યમાં નાનકટી ટેકરી પર આવેલું શિવલીંગ ફરતે સોનાનો થાળ ધરાવતું મંદિર સંપૂર્ણપણે સફેદ આરસપહાણના પથ્થરો વાપરીને ઊંચી પ્લીથ પર બનાવાયેલું છે. તે ૧૮૯૩ની સાલમાં બાંધવામાં આવ્યું છે. અહીંથી ભાવનગર શહેરને ઊંચાઈ પરથી જોવાનો અનેરો લ્હાવો મળે છે.

ભાવનગર રજવાડાના તખ્તસિંહ ગોહિલને યાત્રા પરથી પરત ફર્યા બાદ તેમણે મસ્તરામ બાપાના આદેશથી નર્મદા નદીના કિનારેથી શિવલીંગ મંગાવીને આ મંદિર બનાવરાવ્યું હોવાનું કહેવાય છે.

આ મંદિર ભાવનગરની મધ્યમાં એક નાનકડી ટેકરી પર આવેલુ છે. ભાવનગર રેલવે સ્ટેશન અથવા બસ સ્ટેન્ડથી આ મંદિર ફક્ત ૨ થી ૩ કિ.મી. દૂર છે. તમને ત્યાં જવા માટે સરળતાથી ઓટો રીક્ષા અથવા ટેક્સી મળી જાય છે.

ટેકરી પર આવેલા આ મંદિરે પહોંચવા માટે બે રસ્તા છે - એ મંદિરે પગથિયાં ચઢીને પણ જવાય છે અને વાહન દ્વારા ત્યાં જવા માટે પાકો રસ્તો પણ છે. ■

---

**માતુશ્રી કાંતાબેન ચુનીલાલ ગગલદાસ શાહ (સેરીસા)ના સૌજન્યથી**

## જીવદયા

- મુંબઈમાં ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર અકસ્માત નડતા ૫૧ પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા.
- રૂા. ૪,૬૩,૫૦૦/- રૂપિયાની દવાઓ અબોલ પ્રાણીઓ માટે વાપરવામાં આવી.

| નામ | ગામ | એરીયા | રૂપિયા |
|---|---|---|---|
| ચેતન બાબુલાલ લાપસિયા | | બોરીવલી | ૫,૦૦૧/- |
| હેમાક્ષી ઠક્કર | | થાણા | ૫,૦૦૦/- |
| જીનેશ દોશી | | ચેમ્બુર | ૨,૦૦૧/- |
| ભારતી અને ભુપેન્દ્ર નટવરલાલ શાહ | | અંધેરી | ૨,૦૦૦/- |
| ઉષાબેન મણિલાલ ગાલા | કાંડાગરા | ગોરેગામ | ૧,૧૦૦/- |

# પ્રેરક કથા શ્રેષ્ઠ દાન

હજુ તો આકાશમાં પ્રકાશ પૂરો જામ્યો નથી અને પંખીઓનો કલરવ શરૂ થયો નથી. આવા સમયે શ્રાવસ્તી નગરીની સાંકડી ગલીઓ અને લાંબા રાજમાર્ગ પરથી એક ભિક્ષુક ચાલ્યો જાય છે. શ્વેત વસ્ત્રોથી એનો દેહ ઢાંક્યો છે. એના તેજસ્વી મો પર શાંતિ છે અને નેત્રોમાં કરૂણા છે. થોડી વારે એના કંઠમાંથી ઘોષ ઉઠે છે.

'શ્રાવસ્તી નગરીના નગરજનો ભગવાન બુદ્ધના નામે આજે હું ભિક્ષા માંગવા નીકળ્યો છું. કોઈ શ્રેષ્ઠ ભિક્ષા આપશો?''

આ મધુર વાણીના પડઘાથી નગરજનોની આંખો ઉઘડી ગઈ. અટારી અને ઝરૂખેથી તેમણે બહાર જોયું. જેણે માનવીઓને કરૂણાનું દાન કર્યુ હતું એવા ભગવાન બુદ્ધનું નામ તેમને માટે એક માનવનું નામ હતું. એમને નામે આજે ભિક્ષા આપવાની ઘડી આવી હતી. આ ધન્ય અવસર ભાળીને નરનારીઓના હૃદય પુલક્તિ થઈ ગયાં. ભિક્ષુના પાત્રમાં ધરવા માટે તેમણે પોતાની અમૂલ્ય વસ્તુઓ શોધી શોધીને આપી. સવારનાં કોમળ સોનેરી કિરણોમાં સુવર્ણની માળાઓ, રત્નજડિત આભૂષણો ઝળહળવા લાગ્યાં. રાજભવનની રમણીઓ, નગરજનો એ પુણ્ય કમાવા માટે પોતપોતાના ભંડારો ખોલી નાંખ્યા. તેમનો આત્મા પોકારી રહ્યો. ''ભગવાન બુદ્ધને નામે આ ભિક્ષા સ્વીકારો અને તેમની સુમધુર વાણીના ઉપદેશથી અમને પવિત્ર બનાવી દો.''

પણ આ શું? ભિક્ષુકના હાથમાંનુ પાત્ર તો ત્યાંનું ત્યાં જ છે. બધાં આભૂષણો રત્નો, અલંકારો, વસ્ત્રો જાણે ભગવાન બુદ્ધને નામે લેવા જેવું દાન નથી. એનું ભિક્ષાપાત્ર ખાલી રહે છે. એ આગળ વધે છે. એના કંઠમાંથી ફરી અવાજ ઊઠે છે.

''શ્રાવસ્તીના નરનારીઓ, ભગવાન બુદ્ધને જોઈએ છે તમારું શ્રેષ્ઠ દાન. એમને નામે હું ભિક્ષા માંગું છું. કોઈ ભિક્ષા આપશો ?''

નગરજનો વિસ્મય અને મૂંઝવણમાં ડૂબી ભિક્ષુકને નીરખી રહ્યા. તેમની અમૂલ્ય વસ્તુઓ દાનને યોગ્ય નહોતી? શ્રેષ્ઠ દાન? શાનું શ્રેષ્ઠ દાન ? ભિક્ષુકનો

અવાજ ફરી ફરીને હવામાં ગુંજવા લાગ્યો. નગરીના માર્ગને વીંધતો એ આગળને આગળ ચાલ્યો. મનમાં ને મનમાં તે હસ્યો, ''જે લોકો પોતાના સર્વસ્વનું દાન કરતા નથી તે વળી શ્રેષ્ઠ દાન ક્યાંથી કરે ?''

આકાશના મસ્તક પર મધ્યાહ્નનો તડકો સળગી ઊઠ્યો પણ ભિક્ષુકનું ભિક્ષાપાત્ર હજી ખાલી હતું. એક પછી એક ગલીઓ વટાવતો એ ચાલ્યો.

નગરની સીમા પૂરી થતાં, વનજંગલની વચ્ચે, જનહીન પગદંડી પરથી પસાર થતાં, ફરી એકવાર ભિક્ષુક બોલે છે, ''કોઈ આપશો ભિક્ષા ભગવાન બુદ્ધના નામે?''

એકાએક ભિક્ષુક થોભ્યો. કોઈનો ધીમો સ્વર એના કાને અથડાયો. તેણે નજર ફેરવી. એક વૃદ્ધ કૃષકાય નારી ઊભી હતી. દેહ પર અલંકાર નહોતાં, હાથમાં કોઈ ધનસંપત્તિ નહોતી. કેવળ એક ફાટેલું પાતળું વસ્ત્ર એના શરીરની આસપાસ વીંટાળેલું હતું.

ગદ્‌ગદ્ અવાજે તે બોલી, ''એ ભિક્ષુક, ભગવાન બુદ્ધને આપવા જેવું મારી પાસે છે શું! કેવળ આ ફાટ્યું તૂટ્યું વસ્ત્ર છે.''

આટલું કહી તે પાસેના મોટા વૃક્ષ પાછળ ગઈ અને આનંદપૂર્વક બોલી, ''હે ભિક્ષુક, મારું આ જીર્ણ વસ્ત્ર ભેટમાં આપું છું.'' પછી તેણે ભિક્ષુકના લંબાયેલા પાત્રમાં પોતાના વસ્ત્રનું દાન કરી દીધું.

ભિક્ષુકના હૃદયમાંથી આનંદઘોષ ઊઠ્યો, ''ઓ માતા, ધન્ય હો - ધન્ય હો તમારા ત્યાગને! આજે મારું ભિક્ષાપાત્ર શ્રેષ્ઠદાનથી ધન્ય બની ગયું!''

એ ફાટ્યાતૂટ્યા, કંગાલ વસ્ત્રને આદરપૂર્વક પાત્રમાં રાખી, ભિક્ષુક અનાથબંધુ બુદ્ધને ચરણે આ શ્રેષ્ઠ દાન ધરાવવા ચાલી નીકળ્યો. ■

## જીવનપથ : આજીવન સભ્ય

| નામ | એરીયા | રૂપિયા |
|---|---|---|
| ❖ રત્ના શાહ | કલકત્તા | ૨,૦૦૧/- |

જીવન પ્રસંગ

# આજના સમયમાં દીકરીને કરિયાવરમાં શું આપશો?

**- રાજેશ દોશી**

ભારતીય સંસ્કૃતિમાં દીકરીને લક્ષ્મીનો અવતાર માનવામાં આવે છે. લગ્નપ્રસંગે દીકરીને વિદાય આપતી વખતે તેને ભેટસોગાદો અને ઘરવખરી આપવાની પ્રથા સદીઓથી ચાલી આવે છે. જેને આપણે કરિયાવર કહીએ છીએ. પ્રાચીન સમયમાં કરિયાવરનો મુખ્ય હેતુ દીકરીને નવા ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થવાનો હતો પરંતુ આજના ઝડપથી બદલાતા યુગમાં કરિયાવરની વ્યાખ્યા અને સ્વરૂપ બંને બદલાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

આશરે ત્રણ-ચાર દાયકા પહેલાં સામાજિક પરિસ્થિતિ તદ્દન અલગ હતી. ત્યારે દીકરીઓના ભણતર કરતાં તેમના લગ્નને વધુ પ્રાથમિકતા આપવામાં આવતી હતી. ૧૮-૨૦ વર્ષની ઉંમરે દીકરીને પરણાવી દઈ સોના-ચાંદીના દાગીના આપીને મા-બાપ પોતાની જવાબદારી પૂરી થઈ હોવાનું માનતા. એ સમય નૈતિક મુલ્યો દૃઢ હતાં. પરિણામે મનમેળ ન હોય છતાં સામાજિક મર્યાદા ખાતર દંપતી આખી જિંદગી સાથ નિભાવી લેતા, પરંતુ આજનો યુગ સ્વતંત્રતા અને વ્યક્તિવાદનો છે. આજે લગ્નજીવનમાં સહનશક્તિનો અભાવ અને વૈચારિક મતભેદોને કારણે છૂટાછેડાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. પરંપરાગત રીતે કરિયાવરમાં અપાતા સોના-ચાંદીના કિંમતી ઘરેણાં આજે અનેક રીતે જોખમી સાબિત થઈ રહ્યા છે. પ્રથમ તો આજના અસુરક્ષિત વાતાવરણમાં કીમતી ઘરેણાં પહેરીને બહાર નીકળવું કે એને ઘરમાં સાચવવા એ શારીરિક અને માનસિક જોખમ સમાન છે. બીજું કમનસીબે જો લગ્નજીવનમાં ભંગાણ પડે ત્યારે સ્ત્રીધન તરીકે આપેલાં ઘરેણાં પાછા મેળવવા માટે દીકરીને લાંબી કાયદાકીય લડત લડવી પડે છે. જેમાં ઘણીવાર ગલ્લાં-તલ્લાં થતાં જોવા મળે છે.

આર્થિક સ્વાવલંબન માટે દીકરીને કરિયાવરમાં બેગ ભરીને ઘરેણાં આપવાં કરતાં તેના નામે સુરક્ષિત રોકાણ કરવું એ આજના સમયની માંગ છે. લગ્નના શરૂઆતના વર્ષોમાં દીકરી નવા પરિવારમાં અનુકૂલન સાધતી હોય છે. જો એ સમયે તેને સોનાને બદલે મ્યુચ્યુઅલ ફંડ, પી.પી.એફ, સુકન્યા સમૃદ્ધિ યોજના

કે સારી ઈન્શ્યોરન્સ પોલીસીના સ્વરૂપમાં ભેટ આપવામાં આવે તો તે તેની લાંબા ગાળાની સુરક્ષા બને છે. ટેક્નોસેવી યુગમાં ડિજીટલ સ્વરૂપે થયેલું રોકાણ વધુ વિશ્વસનીય છે, એ દીકરીનાં પોતાનાં નામે હોવાથી તેને આર્થિક નિર્ણય લેવાની સ્વતંત્રતા આપે છે. જરૂરિયાતના સમયે આ રોકાણ તેને કોઈની સામે હાથ ફેલાવ્યા વગર સ્વાભિમાન સાથે જીવન જીવવામાં મદદરૂપ થાય છે. કરિયાવરનો અર્થ માત્ર વસ્તુઓનું પ્રદર્શન નથી પણ દીકરીના ભવિષ્યની ચિંતા છે. દીકરીનાં લગ્ન સમયે દેખાદેખીમાં ખર્ચ કરવાને બદલે તેને શિક્ષિત બનાવવી અને ત્યારબાદ તેને આર્થિક રીતે સુરક્ષિત બનાવવી એ જ શ્રેષ્ઠ કરિયાવર છે. જો દીકરીના હાથમાં ઘરેણાંને બદલે આર્થિક રોકાણનું ભાથું હશે ને તો તે સામાજિક અને કાયદાકીય રીતે વધુ મજબૂત બનશે. ■

---

**વાનગીનો રસથાળ**

# શક્કરિયાનાં ગોટા

**સામગ્રી :**

- ☛ શક્કરિયા - ૨ નંગ
- ☛ સાબુદાણા - ૧/૨ કપ અથવા મોરૈયાનો લોટ - ૧/૨ કપ
- ☛ શીંગદાણાનો ભૂક્કો - ૧/૪ કપ
- ☛ લીંબુનો રસ - ૨ ચમચી
- ☛ આદુ મરચાંની પેસ્ટ-૨ ચમચી
- ☛ કોથમીર કાપેલી - ૨ ચમચી
- ☛ ખાંડ - ૨ ચમચી
- ☛ જીરા પાવડર - ૧ ચમચી
- ☛ મરી પાવડર - ૧ ચમચી
- ☛ તલ - ૨ ચમચી

**રીત :** શક્કરિયાની છાલ કાઢી એના ટૂકડા કરી એને મિક્સ કરી લો. એક બાઉલમાં સાબુદાણાનો ભૂક્કો અથવા મોરૈયાનો લોટ લઈ એમાં વાટેલા શક્કરિયા, શીંગદાણાનો ભૂક્કો, કોથમીર, આદુ મરચાં, ખાંડ, મીઠું, જીરા પાવડર, મરી પાવડર, તલ વગેરે લઈ મિક્સ કરો.

એને પાંચ મિનિટ રેસ્ટ આપો. મિડિયમ ફ્લેમ પર તેલમાં નાનાં નાનાં ગોટા તળી લેવા. ખીરું એકદમ ઢીલું ન રાખવું. તળતી વખતે ગોટાને હલાવવા નહીં. પોતાની મેળે ઉપર આવી જાય પછી જ હલાવવા. ■

## ઉખાણાં

૧. પીળા પીળા પદમસી, ને પેટમાં રાખે રસ,
થોડી ટીપાં વધુ પડે તો દાંત કાઢે રસ.

૨. ટન ટન બસ નાદ કરે, ઘડિયાળ જોઈ સાદ કરે,
સ્કૂલ નિશાળે એ લટકે, રણકે તો બાળકો છટકે.

૩. ખારા જળમાં બાંધી કાયા, રસોઈમાં રોજ મારી માયા,
જનમ ધર્યાને પારા છોડા, મારા દામ તો ઉપજે થોડા.

૪. નામ બારણા સંગે આવે, હવા ઉજાસ ઘરમાં લાવે,
ઋતુઓ સામે રક્ષણ આપે, કોઈને તેના વિના ન ફાવે.

૫. નાનું મોટું મળે ને પાણીમાં એ તરે,
સૌ સવારી કરે, તે કયું વાહન કહે!

૬. હું સૂર્યમંડળનો એક સભ્ય, સૌથી સુંદર લાગું છું,
પીળાશ પડતો રંગ મારો, બાકી ફરતે બર્ફીલા વલયો.

૭ વડ જેવાં પાન ને શેરડી જેવી પેરી,
મોગરા જેવાં ફૂલ મારાં ને આંબા જેવી કેરી.

૮. ચારેબાજુ વૃક્ષોથી ઘેરાયો, પથરાયું મુજ પર ઘાસ,
પશુ પક્ષીનું ઘર હું છું, મને ઓળખો હું કોણ છું?

૯. એની જટ અછત વરતાય, એના વગર સૌ પરસેવે નહાય,
એને પામવા વિકલ્પો શોધાય, એના વગર લગીરે ના જીવાય.

૧૦. ઘેર ઘેર દિવડા પ્રગટાવે, અમીર-ગરીબ સૌ આનંદ લૂટે,
વેરઝેરની આજે વાતો ભૂલાય, મીઠા મોં કરી આજે સૌ મલકાય.

**જવાબો :**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. લીંબુ | ૨. ઘંટ | ૩. મીઠું | ૪. બારી | ૫. હોડી |
| ૬. શનિ ગ્રહ | ૭. આંકડો | ૮. જંગલ | ૯. હવા | ૧૦. દિવાળી |

*ડિઝાઈનીંગ અને ટાઈપસેટીંગ* : **સમીર પારેખ, ક્રિએટીવ પેજ સેટર્સ,** ગોરેગામ, મુંબઈ

**જીવન એક ભેટ છે, અને આપણે આ ભેટનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.**

## તસ્વીર બોલે છે અનાજ વિતરણની




દાનવીર દાતાઓના સહયોગથી સંસ્થા દ્વારા ૧૫૦ કેન્સરગ્રસ્ત પરિવારોને મહિનામાં બે વખત સૂકું અનાજ આપવામાં આવે છે. ફૂટપાથ પર રહેતી કેન્સરગ્રસ્ત મહિલા દર્દીને અનાજ સાથે ચાદર આપી રહેલાં સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા).

## તસ્વીર બોલે છે અનુકંપાદાનની




કેન્સરગ્રસ્ત મહિલા દર્દીને દાનવીર દાતા તરફથી આવેલ મેક્ષી આપી રહેલાં સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા).

RNI. MAHGUJ/2008/39251 Post Reg. MCE/163/2024-26.
Licence to Post Without Prepayment No. MR/TECH/WPP-185/EAST/2024-26.
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai- 400 001
Published and Posting on 15th of every month.



To,




## તસ્વીર બોલે છે
## છત્રી વિતરણની







જીવન જ્યોત જલારામ અન્નદાનક્ષેત્ર અંતર્ગત બહારગામથી આવતા કેન્સરગ્રસ્ત દર્દીઓને દરરોજ શુધ્ધ સાત્વિક ભોજન આપવામાં આવે છે. દાનવીર દાતાઓના સહયોગથી ફૂટપાથ પર રહેતા દર્દીઓને વરસાદથી રક્ષણ મેળવવા ૨૦૦ તાલપત્રી અને ૧૮૦ છત્રીનું વિતરણ કરવામાં આવ્યું.

Printed, Published, Edited & Owned by - **Mr. H. K. Savla,** Published from **Jeevan Jyot Cancer Relief & Care Trust,** 3/9, Kondaji Chawl, Jerbai Wadia Road, Near Tata Hospital, Parel, Mumbai - 400 012. & Printed at **P. H. Printer,** 18-P, D. L. Jain Compound, Opp. Voltas Ltd., 64, Dr. B. A. Road, Chinchpokli (E), Mumbai 400 012 ***Editor*** : **H. K. Savla**